Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

CHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

વર્ષ ૬ : અંક ૩ : ક્રમાંક ૬૩ : તંત્રી : શાહ ચીમનલાલ ગોકળદાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

णमो त्थु णं भगवओ महावीरस्स

सिरि रायनयरमज्झे, संमीलिय सव्वसाहुसंमइयं ।
पत्तं मासियमेयं मव्वाणं मग्गयं विसयं ॥ १ ॥

# श्री जैन सत्य प्रकाश

( मासिक पत्र )

વર્ષ ૬ ] ક્રમાંક ૬૩ [ અંક ૩

વિક્રમ સંવત ૧૯૯૬ : વીર સંવત ૨૪૬૬ : ઈસ્વીસન ૧૯૪૦
આસો શુદ ૧૪૫ : શુક્રવાર : ઓક્ટોબર ૧૫

## વિ-ષ-ય—દ-ર્શ-ન


| | | | |
|---|---|---|---|
| ૧ | **श्रीदाणकुलक** | : **आ. म. श्री. विजयपद्मसूरिजी** | : ૯૧ |
| ૨ | જૈનધર્મવીરોનાં પરાક્રમ | : શ્રી. મોહનલાલ દી. ચોકસી | : ૯૩ |
| ૩ | **जैन दर्शनका कर्मवाद** | : **आ. म. श्री. विजयलब्धिसूरिजी** | : ૯૬ |
| ૪ | નિહ્નવવાદ | : મુ. મ. શ્રી ધુરંધરવિજયજી | : ૧૦૦ |
| ૫ | **कतिपय संशोधन** | : **श्री पन्नालालजी दुगड** | : ૧૦૪ |
| ૬ | બાલાપુર | : મુ. મ શ્રી કાંતિસાગરજી | : ૧૦૭ |
| ૭ | **'ऊंचे देऊळ'** અંગેનો પત્રવ્યવહાર (ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં) | | : ૧૧૨ |
| ૮ | જૈનેતર દર્શનોમાં અભક્ષ્યના વિચાર | : મુ. મ. શ્રી રામવિજયજી | : ૧૨૬ |
| ૯ | પ્રસન્નચંદ્ર રાજર્ષિ | : મુ. મ. શ્રી લક્ષ્મીસાગરજી | : ૧૨૮ |
| ૧૦ | **मूलाचार** | : **मु. म. श्री दर्शनविजयजी** | : ૧૨૯ |


## અમદાવાદના ગ્રાહકોને

અત્યાર સુધી અમદાવાદના ગ્રાહકો પાસેથી 'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના વાર્ષિક લવાજમ તરીકે દોઢ રૂપિયો લેવામાં આવતો હતો. પણ અમદાવાદમાં અંક પહોંચાડવા તથા લવાજમ ઉઘરાવવાના મહેનતાણા અંગે લગભગ બહારગામ જેટલું જ ખર્ચ આવે છે. વળી લડાઇ અંગે કાગળ વગેરેના ભાવોમાં પણ અણધાર્યો વધારો થયો છે. આ બધાનો વિચાર કરીને હવે પછી અમદાવાદના ગ્રાહકો પાસેથી લવાજમ તરીકે બે **રૂપિયા** લેવાનો અમારે નિર્ણય કરવો પડયો છે. આશા છે-અમદાવાદના ઉદાર ગ્રાહક બંધુઓ પોતાનું નવા વર્ષનું લવાજમ અમારો માણસ લેવા આવે ત્યારે આપીને આભારી કરશે.

**—વ્યવ૦**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

वीराय नित्यं नमः

# श्री जैन सत्य प्रकाश

[ વર્ષ ૬ ... ... ... ક્રમાંક ૬૩ .... ... ... અંક ૩ ]

## ॥ श्रीदाणकुलकम् ॥

कर्त्ता—आचार्य महाराज श्री विजयपद्मसूरिजी

[ आर्यावृत्तम् ]

सुमरिय सिरिसिद्धपहुं, वंदिय गुरुणेमिसूरिगुणनियरं ।
सपरोवयारदक्ख, कुणेमि सिरिदाणकुलगमहं ॥ १ ॥

कहिओ पहुणा धम्मो, चउहा दाणाइ मुक्खभेएहिं ।
पढमं तेसुं दाणं, भणियं जाणिज्ज तब्भेउ ॥ २ ॥

तवसीलभावणाहिं, कल्लाणं साहगस्स णण्णेसिं ।
दाणा दायगगाहग - णुमोयगाणं हियं तिण्हं ॥ ३ ॥

वसुदेवदेवईए, पुत्तो परिचत्तसुक्कदिव्वसुहो ।
कंसस्स गिहे जाओ, वुड्ढिगओ गोउलम्मि तहा ॥ ४ ॥

णीलो दसधणुदेहो, गोयमगुत्तोऽद्धचक्कि कण्हो से ।
सोलस कुमारभावे, छप्पण्णहाई मंडलियं ॥ ५ ॥

अडवीसुत्तरनवसय - वरिसाइं दारियाउरिं रज्जं ।
पालित्ता कोसंबो - महाडवीए य मरिऊणं ॥ ६ ॥

उप्पण्णो से निरए, तइए पहुणेमिबंधवो कण्हो ।
सम्मत्तगुणा पुव्विं, बद्धाउत्ताउ तब्भाऊ ॥ ७ ॥

रामक्खो बलदेवो, जिट्ठो वसुदेवरोहिणीतणओ ।
पंचमसग्गस्स सुहं, चिच्चा जाओ सुपुण्णजुओ ॥ ८ ॥

बारससयवासाऊ, अणु मरणा कण्हवासुदेवस्स ।
णेमिजिणिंदुवएसं, सोच्चा वेरग्गमावण्णो ॥ ९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संपण्णो साहुत्तं, अडवीनिवसणकउग्गसुहनियमो ।
विहरंतो संपत्तो, पारणसमयम्मि वरसमओ ॥ १० ॥

रहगारस्स समीवे, सुपत्तदाणुज्जुयस्स भव्वस्स ।
दायगगाहगकिरियं, अणुमोएए मिओ मोया ॥ ११ ॥

धण्णोऽयं कयपुण्णो, रहगारो देइ जो महादाणं ।
होंतोऽहं जइ मणुओ, देंतो दाणं तया मुइओ ॥ १२ ॥

एत्थंतरम्मि पुण्णं, आऊ तिण्हंपि बंभदेविड्ढि ।
पत्ता ते तमिणं ता, चउण्ह माइम्मि संकहियं ॥ १३ ॥

हाणी सीलाईणं, जाया कमसो ण दाणमाणस्स ।
उसभेणं जं दिण्णं, सव्वेहिं जिणेहिं तम्माणं ॥ १४ ॥

दाणं ममयाहरणं, सुग्गइसंपायणं महोदययं ।
जस कित्तिविजयसंतिं, देइ कुणइ वेरविद्दवणं ॥ १५ ॥

कुवियं व सव्वकट्ठं, णो तेसिं सम्मुहं वि पासेइ ।
जे देन्ति सुपत्ताणं, दाणं हिट्ठेण हियएणं ॥ १६ ॥

दासिव्व सिरी गेहं, पयवडिया णो चएइ परितुट्ठा ।
सोहग्गाइयसुगुणा, देहं मिल्लेइ णो तेसिं ॥ १७ ॥

तिण्णि गई विक्खाया, धणस्स दाणं च भोगणिण्णासा ।
सदाणभोगवियलं, दविणं होज्जा विणासरिहं ॥ १८ ॥

चउरो धणदायाया, धम्मग्गी भूवतक्करा बंधू ।
चउसु वि जिट्ठो धम्मो, जइणो तस्सावमाणाओ ॥ १९ ॥

कुप्पंति तओ तेणं, धणविणिओगो करिज्ज जहसत्ति ।
सत्तसु खित्तेसु मुया, अणिच्चयाभाविभव्वेहिं ॥ २० ॥

जिणगेहबिंबनाणं, चउविहसंघो त्ति सत्तखित्ताइं ।
सुहखित्तम्मि व बीयं, होज्ज धणं सहलमेएसुं ॥ २१ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મી વીરોનાં પરાક્રમ

લેખક–શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

( ગતાંકથી ચાલુ )

આપણે જોઈ ગયા કે જૈનેતર લેખકોમાંના કેટલાક માને છે તેમ રાજવી કુમારપાળ પાછળની જીંદગીમાં પરમમાહેશ્વર નહોતા પણ પરમઆર્હત જ હતા. તે જૈનધર્મને ચુસ્તપણે પાળનાર છતાં અન્ય ધર્મો પ્રતિ સમભાવધારી હતા, કેમકે જૈનધર્મમાં ધર્માંધતા કે ધર્મઝનૂન કેળવવાનું કહ્યું જ નથી. બાર વ્રતો ગ્રહણ કર્યા પછી મહારાજા કુમારપાળને 'Master of the order' યાને સંઘપતિ થવાની અભિલાષા ઉદ્ભવી. શ્રીમદ્ હેમચંદ્રસૂરિ સાથે એ સબંધમાં સલાહ કર્યા પછી શત્રુંજયનો સંઘ લઈ જવાનું ચોક્કસ થયું. છ 'રી' પાળતા આ સંઘમાં રાજવી સાથે મિત્રો અને સ્વજનો, મંત્રીઓ અને વેપારીઓ, સાધુ અને સાધ્વીઓ સારી સંખ્યામાં જોડાયાં હતાં. અત્રે મહારાજા કુમારપાળનું આખું ચરિત્ર આલેખવાનો ઉદ્દેશ ન હોવાથી તેમજ એ વસ્તુના જિજ્ઞાસુઓ માટે સંખ્યાબંધ ચરિત્રો, પ્રબંધો અને રાસાઓ મોજૂદ હોવાથી એટલું કહેવું કાફી છે કે કાઠિયાવાડમાં આવેલ જૈનોનાં બે મહાન તીર્થો શ્રી શત્રુંજય અને શ્રી રૈવતાચળ રમણીય પ્રાસાદોથી અલંકૃત છે અને એમાં મહારાજા કુમારપાળનાં દેવાલયો તરીકે ખ્યાતિ ધરાવતા જે પ્રાસાદો આજે પણ ખડા છે એ સર્વ ઉક્ત સંઘ વેળા ખરચેલી પુષ્કળ લક્ષ્મીને આભારી છે. ભારતવર્ષના જુદા જુદા ભાગોમાં ઘણા ખરા પ્રાચીન ને શિલ્પકળાના સુંદર નમૂનારૂપ જે રમણીય દેવપ્રાસાદો આજે દૃષ્ટિગોચર થાય છે એની બાંધણીમાં મુખ્ય ભાગ ભજવનાર તરીકે બે મહારાજાઓનાં નામ અગ્ર પદે આવે છે. ક્યાંતો અશોકપૌત્ર સંપ્રતિમહારાજ અને ક્યાંતો મહારાજા કુમારપાળ. એ ઉભય ઉપર વર્ણવેલાં દેવગૃહોના નિર્માતા ગણાય છે. કહેવાય છે કે મહારાજા કુમારપાળે ૧૪૪૦ નવીન જિનપ્રાસાદો બંધાવ્યા હતા અને ૧૬૦૦૦ મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. અણહિલવાડ પાટણમાં શ્રી નેમિનાથ ભગવાનનો મનોહર પ્રાસાદ બંધાવ્યો અને પોતાના સ્વર્ગસ્થ પિતાની યાદમાં એને 'ત્રિભુવન વિહાર' નું નામ આપવામાં આવ્યું. આવી જ રીતે જુદા જુદા હેતુઓને આશ્રયી કરંબવિહાર, મૂષકવિહાર અને યૂકાવિહાર બંધાવ્યાની નોંધ મળે છે.

અત્રે એક વાત ઉલ્લેખ્યા વિના ચાલે તેમ નથી. કેટલાક લેખકો જૈનધર્મ–જૈનધર્મના કાનુનો કે એનાં તત્ત્વો પૂરા સમજ્યા વગર કે એ સંબંધમાં જાણકારને પૂછ્યા વિના; કેવળ કર્ણોપકર્ણ સાંભળેલી વાતોથી કે ભારતવર્ષની સંસ્કૃતિથી અજાણ્યા એવા કેટલાક આંગ્લ લેખકોના સંગ્રહિત કરેલા ઉતારાઓ પરથી, જરા પણ બુદ્ધિ વાપર્યા સિવાય, મનમાન્યું ચિત્રાણ કરવા મંડી જાય છે અને એ રીતે ઇતિહાસને હાનિ પહોંચાડે છે એટલું જ નહિ પણ જનતામાં ખોટા ભ્રમ પેદા કરે છે. ઐતિહાસિક બાબતોમાં આ જાતની ઉતાવળ કરવી કે મનમાન્યાં અનુમાનો દોરી આગળ વધવું એ બિલકુલ વ્યાજબી નથી. એવા આચરણથી તો ઊગતી પ્રજાના માનસ ખોટા માર્ગે વળે છે અને જે ઇતિહાસ એમાં સાહસિકતા અને શૌર્યતાના પ્રાણવાયુ પૂરનાર તરીકે સ્હાયભૂત બનનાર હોય છે તે કેવળ શંકાના વમળો અને વિસંવાદ

For Private And Personal Use Only

પ્રગટાવે છે! યૂકાવિહાર પાછળની જનવાયકા જોઈએ છે ત્યારે વાત તદ્દન નાની જણાય છે. મહારાજા કુમારપાળે પોતાના રાજ્યમાં નાના કે મોટા કોઈ પણ જીવનો ઘાત ન થાય એવો પ્રબંધ કરી અહિંસાનો વિજયધ્વજ ફરકાવ્યો હતો. વાતાવરણ એટલી હદે અહિંસામય બનાવ્યું હતું કે કોઈ વ્યક્તિ જીવ–વધ તો નહોતી કરી શકતી, પણ સોગટાબાજી રમતા સોગટી 'મારી' જેવો શબ્દપ્રયોગ પણ ભૂલી ગઈ હતી. જે સમયમાં આ સ્થિતિ પ્રવર્તતી હતી તે સમયમાં એક વણિકે ઇરાદાપૂર્વક એક જૂને મારી નાંખી અને ઉપરથી અહિંસા જેવા ઉમદા તત્ત્વની ઠેકડી કરી! એક રાજા આ જાતના વર્તનને મૂકપણે ચલાવી લ્યે તો જે વાતાવરણ તૈયાર કર્યું હતું એ જોતજોતામાં નાશ પામી જાય અને કાનુનપાલનપ્રતિ જનતાનું સ્હેજે દુર્લક્ષ્ય થાય. એટલે દાખલો બેસાડવા સારૂ, ફરીથી કોઈ આવું કામ કરવાની હામ ન ભીડે એવી છાપ પાડવા સારૂ એ વણિકને શિક્ષા કરી દાખલો બેસાડવા માટે એક વિહાર બંધાવવાની આજ્ઞા કરી છોડી મૂકયો હોય. એ વિહાર જોતાં જ પેલી વાત સ્મૃતિમાં તાજી થાય અને રાભસવૃત્તિએ થતાં આચરણ પર સ્હેજે અંકુશ મુકાય. આવા શુદ્ધ હેતુથી થયેલ કાર્યપર એક મરાઠી પત્રે કાગનો વાઘ બનાવી મૂકયો! સમજુ વર્ગ તો આવા કલમબાજોથી નથી છેતરાતો પણ વાચકના વિશાળ સમુદાયમાં પહેલી તકે ખોટી છાપ બેસે છે એ તો ઉઘાડી બાબત છે જ. લેખકે એટલો વિચાર કરવો જોઈએ કે જે ધર્મ એક કીડીને પણ ઇજા કરવાની ના પાડે છે તે ધર્મ મનુષ્યવધ કરવાની રજા આપે ખરો? એ ધર્મના એક વિદ્વાન આચાર્ય પોતાની સામે એ થવા પણ દે? આજે જૈનોને જે દુઃખ જન્માવે છે તે આ જ વસ્તુ છે કે જૈનેતર સાક્ષરોમાંના કેટલાક અને ઘણાખરા લેખકો અધૂરા અભ્યાસે કે ચિરકાળ સેવિત અસૂયાના ઉકળાટે ઘણાખરા પ્રસંગોમાં જૈનોને ન્યાય આપતા નથી. એમના રૂંવાડા ખડાકરે તેવી વાત વગર વિચારે લખી મારે છે.

મહારાજા કુમારપાળે ખંભાતમાં પણ જે સ્થળે આચાર્ય મહારાજ શ્રી. હેમચંદ્રની આશાપ્રેરક મુલાકાત થઈ હતી એ સ્થાનનો જીર્ણોધ્ધાર કરાવ્યો. વળી સોમનાથ મહાદેવના જીર્ણ પ્રાસાદનો ઉધ્ધાર શ્રી ગૌડબૃહસ્પતિની સૂચના અને શ્રી હેમચંદ્રસૂરિના ટેકાથી કરાવ્યો. આ ઉદ્ધારના કાર્યથી એક જૈનેતર મહાશય એમ લખી રહ્યા છે કે કુમારપાળ પરમમાહેશ્વર હતો. તે ભૂલી જાય છે કે જૈનો કે જૈનધર્મી રાજાઓ ઘણાખરા સમભાવવાસિત હૃદયના હોય છે અને પોતાના જૈનધર્મ પર પૂર્ણ શ્રદ્ધા સેવવા છતાં અન્ય ધર્મની નિંદા હરગીજ કરતા નથી. ધર્મસ્થાનો ભલેને હરકોઈ ધર્મનાં હોય છતાં એની મરામતમાં વિના રોકટોક દ્રવ્ય વાપરે છે. ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે ચુસ્ત જૈનધર્મી એવા મંત્રીશ્વર વસ્તુપાળે મક્કાની મસીદમાં આરસનું તોરણ ભેટ કર્યું હતું. ધર્મનો રંગ એ કંઈ ઉપર છલ્લો નથી હોઈ શકતો, એ પાછળ તો સાચાં હૃદયનાં બહુમાન જરૂરી છે. કુમારપાળ મહારાજા પરમમાહેશ્વર કહેવાય કે પરમઆર્હત્ કહેવાય એ કંઈ મોટો પ્રશ્ન નથી. સવાલ ખડો થાય છે તે એ છે કે જે જાતના જીવન જીવ્યાના પુરાવા મલે છે, જે જાતની કાર્યવાહી એમના તરફથી કરવામાં આવી છે અને જે કિંમતી સંભારણાં તેઓ મૂકતા ગયા છે એ બધાનો નિષ્પક્ષપણે વિચાર કરવામાં આવે તો એમાંથી એક જ સાર તારવી શકાય છે કે રાજવી કુમારપાળનો બાપિકો ધર્મ શૈવ હોવા છતાં તેમનું

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનું પાછળનું આખું ય જીવન સાચા જૈનને છાજે તેવી ક્રિયાકરણીમાં વ્યતીત થયેલું છે. એમણે પોતાના આચરણ દ્વારા અને નવનવા સર્જન દ્વારા જૈનધર્મની પ્રભાવના સવિશેષ કરી છે અને તેથી તેઓ પરમઆર્હત્ તરીકે ઓળખાય છે તે યોગ્ય છે.

એક લેખ જે વિક્રમ સં. ૧૨૨૧ની સાલનો છે તેમાં લખ્યું છે કે કુમારપાળે જાલોર (મારવાડ)માં કુવારવિહાર અગર કુવરવિહાર નામનું એક મંદિર બંધાવી બૃહત્ ગચ્છના આચાર્ય દેવચંદ્રસૂરિને અર્પણ કર્યું અર્થાત્ એની દેખરેખ તેમને સોંપી. અસ્તુ. કુમારપાળે માત્ર મંદિરો બંધાવી સંતોષ નથી માન્યો. ગરીબોને જ્યાં દવા અને અન્ન મળી શકે એવાં સ્થાનો ઉભાં કરવા પાછળ તેમજ ઔષધશાળા અને ઉપાશ્રય બંધાવવા પાછળ પણ દ્રવ્ય ખરચ્યું છે.

સમ્રાટ અકબરની માફક એ જ્યારે ગાદીએ આવ્યો ત્યારે અનુભવી હોવા છતાં અક્ષર જ્ઞાન ઝાઝું નહોતો ધરાવતો. કપર્દી મંત્રીની સહાયથી જ એમાં તે પ્રગતિ કરી શક્યો. આમ છતાં અકબર માફક એને પણ પંડિતો ને વિદ્વાનોની સોબતનો ભારે શોખ હતો. તેથી એના દરબારમાં કવિ, પંડિત કે સંત સરળતાથી પ્રવેશ પામતા. એના રાજ્યકાળમાં શ્રી. હેમચંદ્ર સૂરિએ યોગશાસ્ત્ર, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર, શબ્દાનુશાસન આદિ રહસ્યપૂર્ણ ગ્રંથો રચ્યા છે અને તેમના વિદ્વાન શિષ્ય રામચંદ્રે વિખ્યાત નાટકો બનાવ્યાં છે. શ્રીપાળ એ રાજવી કુમારપાળનો રાજકવિ હતો અને સોલાક એ દરબારનો નામચીન સંગીતકાર હતો. રાજવીએ જુદા જુદા સ્થળે એકવીશ મોટા જ્ઞાનભંડારો કરાવ્યા અને જુની પ્રતો પરથી ઉતારો કરવા સારુ લેખશાળા સ્થાપી. વિક્રમસંવત ૧૨૨૯માં પ્રસિદ્ધ આચાર્ય શ્રી. હેમચંદ્ર કાળધર્મ પામ્યા. ગુરુવિરહના આ ફટકાએ રાજવી કુમારપાળની તંદુરસ્તી જોખમાવી અને તે પોતે લગભગ છ માસની પથારી ભોગવી ગુરુદેવની પાછળ થોડા સમયમાં પરલોકના પંથે સીધાવી ગયા !

Kumarpal belonged to that class of rulers whose best known representatives among the Jains are sumprati, Amoghavarsh and kharvela. (ખારવેલ) He managed to Combine in him the benevolence of a monk with the wisdom of a statesman. He was just, impartial ond leborious. Pure and above reproach in his private life. Simple and frugal in his habits. Regid and strict in the observance of his religious lows. Kumarpal was a perfect model of Jain purity and piety.

(કુમારપાળ એ જૈનધર્મના પ્રતિનિધિરૂપ સંપ્રતિ, અમોઘવર્ષ અને ખારવેલ જેવા રાજાઓની કક્ષાનો હતો. તેણે પોતાના જીવનમાં સાધુની ઉદારતા અને રાજનીતિજ્ઞના શાણપણનો એકમેળ સાધ્યો હતો. તે પરિશ્રમશીલ અને પક્ષપાતરહિત હતો. તેનું ખાનગી જીવન નિર્મળ અને દોષરહિત હતું. એની ટેવો સાદી અને કરકસરવાળી હતી. તે પોતાનાં ધાર્મિક વ્રતોના પાલનમાં સખ્ત અને અણનમ હતો. કુમારપાળ જૈનધર્મની પવિત્રતા અને ભક્તિના સંપૂર્ણ આદર્શરૂપ હતો.)

મૂળ લેખકની ઉપરની પ્રશસ્તિ મહારાજા કુમારપાળના જીવન-રહસ્યને પૂર્ણપણે રજુ કરે છે. એટલે એમાં વિશેષ ઉમેરો ન કરતાં આ લેખ અહીં પર્યાપ્ત કરવામાં આવે છે.

( સમાપ્ત )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैनदर्शनका कर्मवाद

लेखक—आचार्य महाराज श्रीविजयलब्धिसूरिजी

[ गतांकसे क्रमशः ]

पांचवे आयु कर्मके चार भेद हैं—देवायु, मनुष्यायु, तिर्यगायु और नरकायु। ये चार भेद अनुक्रमसे देव, मनुष्य, तिर्यंच और नारकीकी गति में जीवको थाम रखते हैं। जब तक उन उन गतियोंका आयु पूरा नहीं होता, वहां तक उन उन गतियोंमें रुलना ही पडता है, चाहे सुखकर हो या दुःखकर। इस कर्मको बेडी जैसा माना है। तात्पर्य यह हुआ कि जैसे कैदी चाहता है कि मेरे बन्धन टूट जांय और मैं यहांसे छुट जाउं मगर मर्यादा पूरी होनेके बाद ही वह वहांसे निकल सकता है, इसी तरह नारकगतिके असह्य दुःखसे घबराया हुआ जीव वहांसे निकलना चाहे तो भी आयुष्य पूरा होने के सिवाय नहीं निकल सकता। आयुष्य कर्मकी उत्कृष्ट स्थिति ३३ सागरोपमकी है, और यह देव और नारकगतिकी अपेक्षासे है। मनुष्य-तिर्यंचकी तीन पल्योपमकी उत्कृष्ट स्थिति होती है। देव, मनुष्य और तिर्यंचके आयुः पुण्यप्रकृतिरूप हैं और नारकायुः पापप्रकृतिरूप है।

छठे नामकर्मके ६७ भेद हैं। इन्होंका स्वरूप और भेदसंख्या इस प्रकार है—नारक, तिर्यंच, मनुष्य और देवगति नामके स्थानोमें रहे हुए उन उन पर्यायकी परिणतिका निदानभूत कर्म नरक, तिर्यंच, मनुष्य और देवगतिके नामसे व्यवहृत है। एकेन्द्रिय, द्वीन्द्रिय, तेइन्द्रिय, चतुरिन्द्रिय और पञ्चेन्द्रिय ये पांच जीवोंकी जाती है, उनका निर्माण करनेवाले नामकर्मके एकेन्द्रिय, द्वीन्द्रिय, त्रीन्द्रिय जाति आदि पांच जातिनामकर्मके भेद समझने चाहिए। पृथ्वी, पानी, अग्नि, वायुः और वनस्पति ये सब जैनदर्शनमें जीव माने गये हैं, इनको मात्र स्पर्श-त्वचा-इन्द्रिय होनेसे ये एकेन्द्रिय कहे जाते हैं। स्पर्श और रसेन्द्रिय - जिह्वेन्द्रिय दो इन्द्रिय जिनमें हो वे पोरा, जोंक, अलसीए, लटें आदि द्वीन्द्रिय कहे जाते हैं। स्पर्श, रस और नासिका इन्द्रियवाले त्रीन्द्रिय कहे जाते हैं-जैसे कि च्युंटि, खटमल आदि जीव। स्पर्श, रस, घ्राण और चक्षुः ये चार इन्द्रिय जिनमें होती हैं वे मक्षिका, भ्रमर, भ्रमरी आदि चतुरिन्द्रिय कहे जाते हैं। इन चार इन्द्रियोंके साथ कान नामकी इन्द्रिय बढ जानेसे पंचेन्द्रिय कहे जाते हैं। सब मनुष्य, देव, भैंस, गाय, बैल आदि तिर्यंच और नारकीके सभी जीव पंचेन्द्रिय गिने जाते हैं। इन सब जातियोंको उत्पन्न करनेवाले कर्म एकेन्द्रिय आदि पांच भेदसे पांच जातिकर्मके नामसे प्रसिद्ध हैं। औदारिक, वैक्रिय, आहारक, तैजस और कार्मण नामके पांच शरीर हैं। इन्हे उत्पन्न करनेवाली

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पांच शरीरनामकर्मकी प्रकृति हैं। मनुष्य और जानवरोंके शरीरको औदारिक शरीर कहते हैं। यह स्थूल है और परमाणुसंख्या इनमें कम होती है। यों तो यह शरीर शोभास्पद नहीं है, मगर तीर्थंकर भगवान् इसी देहमें हो कर जगत् भरका कल्याण करते हैं इस लिये यह शरीर 'उदार' शब्द परसे औदारिक कहा जाता है। एकेन्द्रियसे ले कर चउरिन्द्रिय तक का भी यही शरीर है। नारकी और देवके शरीर वैक्रिय हैं। औदारिक की अपेक्षा सूक्ष्म होने पर भी परमाणु बहुत ही ज्यादा होते हैं। आहारक शरीर इससे भी सूक्ष्म और परमाणु परिणामसे बहुत ही बढा चढा होता है। चतुर्दश पूर्वधर मुनि शंका समाधान करनेके लिये इसे बनाते हैं, और विद्यमान तीर्थंकर केवली महाराज जहां हो वहां, बहुत ही दूर दूर जा सकते हैं, और सब कार्य अन्तर्मुहूर्तमें कर लेते हैं। तैजस और कार्मण ये दो शरीर जहां तक मुक्ति प्राप्त न करे वहां तक जीव के साथ ही लगे रहेते हैं। तैजस खुराक पकानेका काम करता है, और कार्मण नई सृष्टिका पुनः पुनः निर्माण करता है। किसी किसी समय तैजस लब्धिमें काम आता है। प्रथमके तीन शरीरके अंगोपांग बनानेवाले औदारिक अंगोपांग, वैक्रिय अंगोपांग और आहारक अंगोपांग ये तीन प्रकृतियँ हाथ, पांव, छाती, पीठ आदि अष्टांग और अंगुली आदि उपांग को बनाती हैं। वज्रऋषभनाराच, ऋषभनाराच, अर्धनाराच, कीलिका और छेवट्ठा ये छ संघयणनामकर्म शरीर की हड्डीयोंकी मजबुतीकी तारतम्यताका काम करते हैं। वज्रऋषभनाराच संघयणमें वज्रका अर्थ कीलिका, ऋषभका अर्थ पाटा और नाराचका अर्थ मर्कटबन्ध होता है। मतलब यह हुआ कि बंदरीको उसका बच्चा ऐसा चिपक जाता है कि बंदरी कुदती फिरती है फिर भी वह बच्चा नीचे नहीं गिरता। इसी तरहसे हड्डीयों का मेल-जोल बना हो, वह नाराच कहा जाता है। उस पर पट्टे की मजबूतीको वज्र कहते हैं और उस पर कीलिका लगा दी जाय, इन तीन शब्दोंके अर्थ जिस संघयणमें सार्थक हो वह संघयण वज्रऋषभनाराच कहा जाता है। इस संघयणको पाया हो वही जीव मुक्तिमें जा सकता है। इस मनुष्यको हड्डी उतरनेका या भगनेका भय नहीं रहता है। इस संघयणवाला अगर पूरे पापाचारमें पड जाय तो सातमी नारकीमें भी चला जाता है। दूसरा ऋषभनाराच-इस संघयण में कीलिकाका अर्थ निकल गया जिससे पहिले संघयणवालेसे इसकी मजबुती कम हुई, अतः इस संघयणवालेकी शक्ति मुक्ति पानेकी भी नहीं और सबसे ज्यादा नीची हालत की सातमी नारकीमें जानेकी भी नहीं होती। तीसरा नाराच-इसमें सिर्फ कीलिकायुक्त हड्डीयें सिद्ध होती हैं। यह उपर के संघयणसे भी कमजोर हुआ। चोथा अर्धनाराच-आधी पकड ही कायम रही। पांचवा कीलिका मात्रसे अनुबद्ध और छठा छेवट्ठा मामुली जोड मेल-वाली हड्डीयें। आजकल के मनुष्योंको यही संघयण है जिससे आजकलके

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यहांके मनुष्य चौथे देवलोकसे और दूसरी नारकीसे ज्यादा ऊंचे नीचे नहीं जा सकते ।

समचतुरस्र, न्यग्रोध, सादि, वामन, कुब्ज और हुण्डक-ये संस्थाननाम कर्मके छे भेद हैं ।

पद्मासन लगाकर बैठे हुए आदमीके सिरसे पांवका अधस्तल भाग जितना लंबा हो उतनी ही एक गोडेसे दूसरे गोडे की लंबाई, और बांये स्कन्धसे दाये गोडेकी और दाये स्कन्धसे बांये गोडेकी लम्बाइका नाप निकले तब समझना कि यह मनुष्य समचतुरस्र संस्थानवाला है । यह आकृति बडी सुन्दर होती है । तीर्थंकर, गणधर और देव ऐसी आकृतिवाले ही होते हैं । दूसरा न्यग्रोध-उपरसे अच्छी आकृति होती है और नीचे से खराब । तीसरा सादि-नीचेसे सुरम्य होकर उपरसे बेडौल शरीरवालेका सादि संस्थान कहा जाता है । हाथ, पांव वगैरह लक्षणयुक्त होने पर भी छाती, पीठ वगैरह बीगडे हुए शरीरकी आकृति को वामन कहते हैं । छातीपीठ अच्छे हों और हाथ-पांव बिगड़ जाये, इस अवस्थाकी रचना कुब्जसे होती है । और सब ही अंग-प्रत्यंग बेडौल बने रहते हैं, यह कार्य हुंडक संस्थानका है । संस्थानकी छ प्रकृति, आकृतिका सौंदर्य और कुरूपतारूप कार्यको करती हैं ।

वर्ण, गन्ध रस और स्पर्श ये चार नामकर्म रंग, गन्ध, रस और स्पर्शको बनाते हैं । वक्रगतिमें पड़े हुए जीवोंको नरक, तिर्यंच, मनुष्य और देवगतिमें पहुंचानेवाले कर्म, नरकानुपूर्वी, तिर्यंचानुपूर्वी, मनुष्यानुपूर्वी और देवानुपूर्वीके नामसे कहे जाते हैं । हाथीकी तरह सुन्दर चाल और गद्धे की तरह खराब चालको देनेवाले कर्मको शुभ और अशुभ खगति कहते हैं । पराघात नाम कर्मसे जीव, राजसभा के सभासदों में भी क्षोभ नहीं पाता, बल्कि उसे देखकर दूसरेको क्षोभ होता है । उच्छ्वास नामकर्मसे श्वासोश्वास अच्छी तरहसे ले सकता है । आतप नामकर्मसे सूर्यके विमानके एकेन्द्रिय जीवोंके कलेवर ठंडे होने पर जगत पर गर्मी फेंकते हैं । उद्योत नामकर्मसे चन्द्रके विमानके एकेन्द्रिय जीव शीतल प्रकाश दे रहे हैं । यह कर्म देव-यति उत्तर वैक्रिय बनाते हैं उनमें भी रहता है । अगुरुलघु नामकर्मसे शरीर भारी और हलका नहीं रह कर रीतिसरका होता है । तीर्थंकर नामकर्म जीवको तीन जगत में पूज्य बनाकर अशोकवृक्ष, सुरपुष्पवृष्टि, दिव्य ध्वनि, चामर, सिंहासन, भामंडल, दुंदुभी और सीरपर तीन छत्रसे विभूषित बनाता है । यही भगवान् जिनशासन की स्थापना करते हैं, और जगतको द्वादशांगीका संदेश सुना जाते हैं । निर्माणनामकर्म आंख, कान, नाक आदिका यथास्थान स्थापन करता है । उपघात नामकर्म अपने ही प्रति जिह्वा आदि अवयवोंसे अपने ही अवयवों को हरकत करता है । त्रस नामकर्मसे जीव हलन चलन की शक्ति धारण

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



करता है जैसे कि एकेन्द्रियसे लेकर पंचेन्द्रिय तकके जीव इसी कर्मसे चलते फिरते रहते हैं। बादर नामकर्म वह है जिससे जीवोंका शरीर चक्षु-ग्राह्य बनता है, जैसे पृथ्वी, पानी, द्वीन्द्रिय से लेकर मनुष्य तकका शरीर। पर्याप्त नामकर्मसे श्वासोश्वास, भाषा, मनःपर्याप्तिको पूरी करता है। प्रथमकी आहार, शरीर और इंद्रिय ये तीन पर्याप्ति तो सभी जीव पूरी करते हैं मगर पीछेकी तीनमें से एकेन्द्रिय श्वासोश्वासको, द्वीन्द्रिय, त्रीन्द्रिय और चौरेन्द्रिय और असंज्ञी भाषाको, और संज्ञी पंचेन्द्रिय मनःपर्याप्तिको पर्याप्तनामकर्मसे ही पूरी कर सकता है। प्रत्येकनामकर्म से जीवों को भिन्न भिन्न शरीर मिलता है। स्थिरनामकर्मसे शरीर के अवयव स्थिरता को प्राप्त होते हैं। शुभ नामकर्मसे नाभिके उपरका का भाग शुभपनेको प्राप्त होता है। किसी भी मनुष्यको पांव लग जांय तो उसे गुस्सा लग जाता है मगर उसके चरणमें सिर झुकाने पर वह खुश होता है, इससे साबित होता है कि उपरका भाग शुभ है। सौभाग्य नामकर्मसे परिचयहीन आदमीका भी बडा ही आदर-सत्कार-सम्मान होता है। सुस्वर नामकर्मसे मधुर ध्वनि होता है। आदेय नामकर्मसे किसी कार्यमें इस कर्मवालेकी सलाह ली जाती है, उसे सम्मान मिलता है। यशःकीर्ति नामकर्मसे सर्वत्र यशोवाद होता है और सर्वत्र कीर्ति प्राप्त होती है। यह त्रस दशक कहलाता है। स्थावर नामकर्मसे जीव जहां उत्पन्न हुआ वहांसे हिलचल नहीं सकता, जैसे पृथ्वी, वृक्ष आदि दुःख पडने पर भी वहांसे खिसक नहीं सकते। सूक्ष्म नामकर्मसे शरीर ऐसा सूक्ष्म होता है कि अनन्त शरीर मिलकर भी चक्षुगोचर नहीं होता है। अपर्याप्त नामकर्मसे अपनी अपनी पर्याप्तिको पूरी नहीं कर सकता है। साधारण नामकर्मसे एक शरीरमें अनेक जीव रहते हैं। आलु आदि वनस्पति ऐसी ही साधारण मानी है। अस्थिर नामकर्मका कार्य शरीर के अवयवोंकी अस्थिरता उत्पन्न करनेका है। अशुभ नामकर्म नाभिके नीचे के भागमें अशुभता उत्पन्न करता है, इसका खुलासा उपर शुभ कर्ममें आ गया है। दुर्भाग्य नामकर्मसे पूर्व परिचित हो और उपकार करे तो भी जनसमूह उसका आदर नहीं करता। दुस्वर नामकर्मसे खराब स्वर बनता है जिससे काकके कठोर आवाज की तरह सुननेवालेको अनिष्ट मालुम देता है। अनादेय नामकर्मसे जहाँ जाय वहां उस कर्मवाले जीवकी किसी कार्यमें सलाह नहीं लि जाती और उसका अनादर होता है। इसको स्थावर दशक कहते हैं। अपयशकीर्तिसे सर्वत्र बदनामी प्राप्त करता है। [ क्रमशः ]

<u>भूल सुधार</u>—गतांकमें प्रकाशित इस लेख में निम्न परिष्कार करना—

[१] पृ. ८३ पंक्ति ९ में-सोता हुआ सुखसे जागे उसे निद्रा कहते हैं और दुःखसे जागे उसे निद्रानिद्रा कहते हैं।

[२] पृ. ८५ पंक्ति ९-संज्वलन क्रोध, मान, माया, लोभ यथाख्यात चारित्र को रोकते हैं और उसकी स्थिति १५ दिन की होती है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિહ્નવવાદ

લેખક:—મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી

( ગતાંકથી ચાલુ )

## બીજા નિહ્નવ-તિષ્યગુપ્તાચાર્ય : આત્મવાદ
## બૌદ્ધ અને સ્યાદ્વાદીની ચર્ચા

ચાર્વાક સાથે આત્માના સમ્બન્ધમાં ચર્ચા સમાપ્ત થયા બાદ બૌદ્ધ સ્યાદ્વાદીને આત્માનું સ્વરૂપ પૂછવા લાગ્યો, તે સમયે સ્યાદ્વાદીએ, સમય ઘણો થઇ જવાને કારણે અન્ય સમયે તે ચર્ચા કરવાનું મુલતવી રાખેલ. આજે તેઓ ફરી ઉપવનમાં મળ્યા ત્યારે નીચે પ્રમાણે ચર્ચા થઇ.

**બૌદ્ધ:—આત્મા વિજ્ઞાનસ્વરૂપ છે. તમે શું માનો છો?**—તમે કહ્યું એ પ્રમાણે આત્મા સિદ્ધ થાય છે, માટે આત્મા માનવો જોઇએ. પરંતુ અમે આત્માને વિજ્ઞાનસ્વરૂપ માનીએ છીએ એટલે તમે પણ જો આત્માને વિજ્ઞાનસ્વરૂપ માનતા હો તો કંઇ ચર્ચા કરવાનું કારણ નથી. પણ જો તે પ્રમાણે ન માનતા હો તો તમે તે સમ્બન્ધમાં શું કહો છે તે સમજાવો.

**સ્યાદ્વાદી:—આત્મા કેવળ વિજ્ઞાનસ્વરૂપ જ નથી.** તમે આત્માને વિજ્ઞાનસ્વરૂપ માનો છો એ પ્રમાણે અમે પણ આત્માને વિજ્ઞાનસ્વરૂપ માનીએ છીએ. પરંતુ તમારા અને અમારામાં માત્ર ભેદ એટલો જ છે કે તમે આત્મા વિજ્ઞાનસ્વરૂપ જ છે બીજા કોઇ સ્વરૂપ નથી એમ કહો છો અને અમે આત્મા જેમ વિજ્ઞાનસ્વરૂપ છે તેજ પ્રમાણે બીજા સ્વરૂપ પણ છે. કેવળ વિજ્ઞાનસ્વરૂપ જ છે એમ માનતા નથી.

**બૌ૦:—વિજ્ઞાન સિવાય અન્ય કંઈ નથી માટે આત્મા વિજ્ઞાનરૂપ જ છે.** જ્યારે વિજ્ઞાન સિવાય બીજી વસ્તુઓ જગતમાં હોય તો વિચાર કરાય કે તે સ્વરૂપ આત્મા છે કે નહિ. પણ વિજ્ઞાન સિવાય અન્ય કોઇ વસ્તુ જ નથી માટે આત્મા પણ વિજ્ઞાન સ્વરૂપ જ છે. તમે વિજ્ઞાન સિવાય આત્માનું બીજું સ્વરૂપ પણ છે, એમ જે કહો છો તો વિજ્ઞાનથી જુદી એવી કઇ વસ્તુઓ છે કે જે માની શકાય?

**સ્યા૦:—વિજ્ઞાનથી જુદી ઘટ પટ વગેરે અનેક વસ્તુઓ છે.** વિજ્ઞાન સિવાય જગતમાં એવી અનેક વસ્તુઓ છે કે તે વસ્તુઓ ન માનીએ તો વ્યવહાર ચાલી શકે નહિ. જેમકે એક વિજ્ઞાન છે એ જ પ્રમાણે તેના વિષય ઘટ-પટ વગેરે પણ વિજ્ઞાનથી જુદા પદાર્થો છે. વિજ્ઞાન સિવાય ઘટ-પટ વગેરે જે પદાર્થો દેખાય છે તે વિજ્ઞાનસ્વરૂપ સંભવી શકતા નથી. માટે તે પદાર્થો વિજ્ઞાનથી જુદા છે. એટલે એક વિજ્ઞાન જ છે, એમ માની સાકાય નહિ.

**બૌ૦ ઘટપટ વગેરે પદાર્થો પ્રમાણથી સિદ્ધ થઈ શકતા નથી.** વિજ્ઞાન સિવાય બીજા ઘટપટ વગેરે પદાર્થો છે, એમ તમે જે કહ્યું પરંતુ તે ઘટી શકતુ નથી, કારણકે તે ઘટપટ વગેરે જે છે તે પરમાણુ સ્વરૂપ છે કે મોટા અવયવી સ્વરૂપ છે? તેમાં પ્રથમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાણુ સ્વરૂપ છે એમ કહેશો તો તે બરોબર નથી, કારણકે પરમાણુને માનવામાં કોઈ પ્રમાણ નથી. પ્રમાણ બે જ છે: એક પ્રત્યક્ષ અને બીજું અનુમાન. તેમાં એક યોગીઓને થતું પ્રત્યક્ષ અને બીજું સામાન્ય આત્માઓને થતું પ્રત્યક્ષ. એ પ્રમાણે પ્રત્યક્ષ બે પ્રકારનું છે. હવે યોગીઓ પરમાણુને જૂવે છે માટે પરમાણુ યોગિપ્રત્યક્ષ સિદ્ધ છે એટલે તે માનવો જોઇએ, એમ કહી પરમાણુ સિદ્ધ કરવો એ તો બાળકને સમજાવવા જેવું છે. તેમાં કંઇ યુકિત નથી. કારણ કે અમે કહીશું કે પરમાણુ નથી અને યોગીઓ તે જોતા નથી તો તેનો પ્રતિકાર યુકિત સિવાય થઇ શકશે નહિ. એટલે પરમાણુ યોગિપ્રત્યક્ષથી સિદ્ધ થઇ શકતો નથી. અને સામાન્ય આત્માઓના પ્રત્યક્ષથી પરમાણુ જોઇ શકાતો જ નથી એટલે તેથી પણ પરમાણુની સિદ્ધિ થઇ શકતી નથી, માટે પરમાણુ પ્રત્યક્ષસિદ્ધ નથી. અનુમાન પ્રમાણ માટે વ્યાપ્તિ જોઇએ કે જ્યાં અમુક વસ્તુ હોય ત્યાં પરમાણુ હોવો જ જોઇએ. એવો કોઇ હેતુ પ્રત્યક્ષ નથી દેખાતો કે જે પરમાણુની સિદ્ધિ કરે. એટલે અનુમાનથી પણ પરમાણુની સિદ્ધિ થતી નથી. એ પ્રમાણે પ્રત્યક્ષ અને અનુમાન એમ બન્ને પ્રમાણથી પ્રમાણસિદ્ધ નથી થતો માટે પરમાણુ નથી. જ્યારે પરમાણુ નથી એટલે અવયવીરૂપ પદાર્થ પણ નથી, કારણકે અવયવી એટલે અવયવોના સમુદાયથી બનેલ. અવયવ પરમાણુ છે તે જ નથી તો તેના સમુદાયરૂપ અવયવી પણ કેમ સંભવી શકે? માટે વિજ્ઞાનથી જુદો એવો નથી પરમાણુરૂપ પદાર્થ કે નથી અવયવીરૂપ પદાર્થ. એટલે વિજ્ઞાન એ એક જ છે પણ ઘટ પટ વગેરે કંઇ નથી.

**સ્યા૦ ઘટ પટ વગેરે પ્રમાણસિદ્ધ પદાર્થો છે**–વિજ્ઞાનથી જુદા ઘટ પટ વગેરે પદાર્થો પ્રમાણથી સિદ્ધ નથી થતા માટે નથી એમ જે કહ્યું તે જ યથાર્થ નથી, કારણ કે પ્રત્યક્ષ અને અનુમાન બન્ને પ્રમાણથી ઘટ પટ વગેરે સિદ્ધ થાય છે. તે આ પ્રમાણે. જોકે એકલા છૂટા પરમાણુનું આપણને પ્રત્યક્ષ થતું નથી પણ તેથી તે નથી એમ કહી શકાય નહિ. કારણ કે તે નથી દેખાતો તેથી તે નથી એમ નથી, પરન્તુ તે ઘણો જ નાનો છે માટે નથી દેખાતો. ઘણે જ ઊંચે ચગાવેલ પતંગનો દોરો ન દેખાય તેથી દોરો ત્યાં નથી એમ ન કહેવાય, પરંતુ ઘણે જ દૂર હોવાથી નથી દેખાતો. એટલે એક પરમાણુ નથી દેખાતો પણ ઘણા પરમાણુ ભેગા થઇને બનેલ ઘટ પટ વગેરે દેખાય છે માટે પરમાણુ પ્રત્યક્ષસિદ્ધ છે. અને કેવળ એક પરમાણુનું પણ પ્રત્યક્ષ યોગીઓને તો છે જ માટે પરમાણુ માનવો જોઇએ. વળી જો પરમાણુ ન હોય તો આ ઘટ પટ વગેરે જે પ્રત્યક્ષ દેખાય છે તે શું છે? એટલે કાર્ય ઉપરથી કારણનું અનુમાન થાય છે તે પ્રમાણે પરમાણુ પણ ઘટરૂપ કાર્યના અનુમાનથી સિદ્ધ થાય છે તે આ પ્રમાણે–પરમાણુ વિદ્યમાન પદાર્થ છે, ઘટરૂપ કાર્યો દેખાતાં હોવાથી, જો પરમાણુ ન હોય તો ઘટરૂપ કાર્યો પણ ન હોય. એ પ્રમાણે અનુમાનથી પણ પરમાણુ સિદ્ધ થાય છે માટે પરમાણુ માનવો જોઇએ. આ પ્રમાણે પ્રત્યક્ષ અને અનુમાન એમ બન્ને પ્રમાણોથી પરમાણુ સિદ્ધ થયો એટલે તે પરમાણુથી બનેલા ઘટ પટ વગેરે મોટા અવયવીરૂપ કાર્યો તો પ્રસિદ્ધ જ છે માટે એકલું વિજ્ઞાન જ ન માનતા તેનાથી જુદા એવા ઘટ પટ વગેરે પદાર્થો પણ માનવા જોઇએ.

**બૌ૦ ઘટ પટ વગેરે સર્વ મિથ્યા છે**–તમારા કહેવાનો મૂળ આશય–આ દેખાતા ઘટ પટ વગેરે છે તે પરથી પરમાણુ વગેરેને સિદ્ધ કરવાનો છે. પરંતુ આ ઘટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પટ વગેરે જે દેખાય છે તે વાસ્તવિક નથી. અનાદિકાળની મિથ્યા વાસનાથી આ ઘટ પટ વગેરે નથી છતાં ઝાંઝવાના જળની માફક દેખાય છે. સ્વપ્નમાં કંઈ નથી હોતું છતાં સર્વ વસ્તુઓ આપણે અજ્ઞાનથી કલ્પી લઇને જોઇએ છીએ, છતાં માનીએ છીએ કે તે સર્વ જૂઠ છે. એ જ પ્રમાણે આ ઘટ પટ વગેરે સર્વ મિથ્યા છે એટલે વિજ્ઞાનથી અતિરિક્ત પરમાણુ કે ઘટ પટ વગેરે કંઇ પણ સંભવતું જ નથી. માટે વિજ્ઞાન એક જ છે.

**સ્યા૦ વિજ્ઞાન છે તો બીજા પદાર્થો છે જ**—વિજ્ઞાનથી જુદો કોઇ પદાર્થ જ નથી એમ સિદ્ધ કરતાં વિજ્ઞાન જ માની શકાશે નહિ; બીજા પદાર્થો માનશો તો જ વિજ્ઞાન માની શકાશે. માટે વિજ્ઞાન માનવાની સાથે જ વિજ્ઞાનથી જુદા પદાર્થો પણ માની લેવા જોઇએ. તે આ પ્રમાણે છે. વિજ્ઞાન એટલે વિશેષે કરીને જાણવું. **विशेषेण ज्ञायते येनेति, विज्ञानम् ।** જે વડે વિશેષે કરીને જણાય છે તે વિજ્ઞાન કહેવાય છે. એ પ્રમાણે વિજ્ઞાન ક્રિયાવાચક શબ્દ છે. માટે તેનું કોઇક કર્મ હોવું જોઇએ. જેમ તે બોલે છે, તે ખાય છે, તે પીએ છે એમ કહેવાની સાથે જ જિજ્ઞાસા થાય છે કે શું બોલે છે? શું ખાય છે? શું પીએ છે? એ જ પ્રમાણે તેને જ્ઞાન છે, એમ કહીએ એટલે તરત જ જિજ્ઞાસા થાય છે કે શેનું જ્ઞાન છે? કારણ કે વિષય વગરનું વિજ્ઞાન હોતું જ નથી. માટે વિજ્ઞાન માનવાની સાથે જ તેનો વિષય માનવો જોઇશે. તે વિષય વિજ્ઞાનસ્વરૂપ સંભવતો નથી માટે તેનાથી જુદો છે અને એ વિષય આ ઘટ પટ વગેરે છે. માટે એકલું વિજ્ઞાન જ નથી પણ તેનાથી જુદા ઘટ પટ વગેરે પણ છે.

**બૌ૦ વિષય વગરનું પણ વિજ્ઞાન હોય છે**—વિજ્ઞાનને વિષય હોવો જ જોઇએ અને જે વિષય તે જ ઘટ પટ વગેરે બાહ્ય પદાર્થો—એમ કહી તમે જે વિજ્ઞાનથી જુદા પદાર્થની સિદ્ધિ કરો છો તે જ ઠીક નથી, કારણ કે વિજ્ઞાનને વિષય હોવો જ જોઇએ એવું કંઇ નથી. કેટલીક વખત આકાશમાં ઝીણી ઝીણી દોરીઓ લટકતી હોય એવું જ્ઞાન થાય છે, જેને આકાશકેશજ્ઞાન કહેવામાં આવે છે. આ જ્ઞાન તદ્દન નિર્વિષય જ છે, કારણ કે આકાશમાં દોરી કે કેશ જેવું કંઇ હોતું જ નથી. વળી સ્વપ્નમાં જે જ્ઞાન થાય છે ત્યાં પણ કોઇ વિષય હોતો નથી, છતાં જ્ઞાન થાય છે. માટે જ્ઞાનની સાથે વિષય હોવો જ જોઇએ એવું કંઇ નથી. જ્યારે વિજ્ઞાન વિષય વગરનું પણ હોય છે તો પછી વિષય માનવાની કંઇ આવશ્યકતા ન રહી એટલે વિજ્ઞાન એક જ પદાર્થ છે પણ ઘટ પટ વગેરે વિજ્ઞાનથી જુદું કંઇ જ નથી.

**સ્યા૦ વિજ્ઞાન વિષય વગરનું હોતું જ નથી**—મહાસાહસ! મહાસાહસ! વિષય-વગરનું વિજ્ઞાન કદી પણ સંભવે? નહિ જ, કદી પણ નહિ. આકાશકેશજ્ઞાન અને સ્વપ્નજ્ઞાનને વિષય વગરનું બતાવીને વિષય વગરના વિજ્ઞાનને સિદ્ધ કરવા જે પ્રયત્ન કર્યો તે તદ્દન અસત્ય છે, કારણ કે આકાશકેશજ્ઞાન નિર્વિષય તો નથી જ. આકાશમાં ફેલાયેલા પ્રકાશના તેવા પ્રકારના વિસ્તારમાં આકાશકેશનો ભ્રમ થાય છે. અને તે ભ્રમ પણ તેને જ થાય છે કે જેને સાચા કેશનું જ્ઞાન હોય છે. પણ જેને કેશનું જ્ઞાન નથી હોતું તેને આકાશકેશનું પણ જ્ઞાન નથી થતું. માટે વિષય વગરનું વિજ્ઞાન સંભવતું નથી. વળી સ્વપ્નમાં જે પદાર્થો દેખાય છે તે પણ અનુભવેલ પદાર્થોના મનમાં પડેલ સંસ્કારોનું અર્ધ નિદ્રા-તન્દ્રા અવસ્થામાં સ્મરણ થવાથી જે કાલ્પનિક સૃષ્ટિ ખડી થાય છે તે દેખાય છે. વળી તે સ્વપ્નસૃષ્ટિઓ વાત પિત્ત અને કફના વિકારથી ઉત્પન્ન થાય છે. કોઇ દેવતાના અનુભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે વિભાવથી થાય છે, પુણ્ય અને પાપથી થાય છે. પણ નિમિત્ત સિવાય થતી નથી. જે માટે મહાભાષ્યમાં કહેલ છે કે—

**अणुहूयदिट्ठचिन्तिय - सुयपयइवियारदेवयाणूवा ।**
**सुमिणस्स निमित्ताई, पुण्णं पावं च नाभावो ॥**

અર્થ–અનુભવ, દર્શન, ચિન્તન, શ્રવણ, પ્રકૃતિનો વિકાર, દેવતાનો પ્રભાવ, પુણ્ય અને પાપ, એ સ્વપ્નનાં નિમિત્તો છે, પણ અભાવ કારણ નથી. માટે સ્વપ્ન પણ છેક નિર્વિષય તો નથી જ. માટે વિજ્ઞાન માન્યું તો વિષય માનવો જ જોઇએ. જે વિષય એ જ આ ઘટ પટ વગેરે.

**બૌ૦ઃ—આ સર્વ દેખાય છે તે સર્વ ભ્રમ છે**—તમે કહ્યું તે ઠીક છે, પરંતુ જેમ સ્વપ્નમાં સૃષ્ટિની કલ્પના કરવામાં આવે છે ને દેખાય છે તેમ આ ઘટ પટ વગેરે જે બાહ્ય પદાર્થો દેખાય છે તે પણ મિથ્યા વાસનાથી કરેલ કલ્પનાથી દેખાય છે. પ્રખર તાપથી તપેલાને રેતિના રણમાં મૃગજળની ભ્રાન્તિ થાય છે તેમ આ પણ ભ્રાન્તિ જ છે. પરન્તુ વાસ્તવિક કંઇ નથી માટે વિજ્ઞાન સિવાય બાહ્ય પદાર્થ કંઈ નથી.

**સ્યા૦ –ભ્રમ છે તો સત્ય પદાર્થ છે જ**—ઘણું સારૂં. પ્રથમ ભ્રાન્તિ એ જ શું વસ્તુ છે? ભ્રાન્તિ એટલે જ્યાં જે વસ્તુ ન હોય ત્યાં તે વસ્તુનું જ્ઞાન થવું એ. જેમ છીપ એ રૂપું નથી છતાં છીપને રૂપા તરીકે સમજવી એ છીપમાં રૂપાની ભ્રાન્તિ થઈ કહેવાય. જેને રૂપાનું સાચું જ્ઞાન હોય તેને જ છીપમાં કોઇક સમય રૂપાની ભ્રાન્તિ થાય પરંતુ રૂપાનું જ જ્ઞાન ન હોય તો ભ્રાન્તિ ન થાય. આ વાંઝણીનો છોકરો છે એવો ભ્રમ કોઇને કોઈ સ્થળે પણ થતો નથી એટલે આ ઘટ પટ વગેરે ભ્રમ છે એમ કહો છો તો સત્ય વસ્તુ માનવી જ રહી. હવે વિજ્ઞાન સિવાય બાહ્ય પદાર્થ માનવા જ પડે છે, તો આ ઘટ પટ વગેરે દેખાય છે તેને ભ્રમ માનવાને કંઇ કારણ નથી. માટે આ દેખાય છે તે જ સત્ય છે. કારણ કે ભ્રમરૂપ વસ્તુથી કોઇ કાર્ય સિદ્ધ થતું નથી. સ્વપ્નમાં ખાવાથી કે પૈસા મળવાથી પેટ ભરાતું નથી કે પૈસાદાર થઈ જવાતું નથી. એ પ્રમાણે આ દેખાતા ઘટ પટ વગેરેને ભ્રમ માનીએ તો તેનાથી કંઇ પણ કાર્ય થાય નહિ પરન્તુ કાર્ય થાય છે, એ પ્રત્યક્ષ દેખાય છે. એટલે આ ઘટ પટ વગેરેને ભ્રમ માની શકાય નહિ. જો કાર્ય કરવામાં સમર્થ વસ્તુને પણ ભ્રમરૂપ માનવામાં આવે તો આ ભ્રમ છે ને આ અભ્રમ છે એવી વ્યવસ્થા જ ન રહે. જો એ વ્યવસ્થાનો નાશ થાય તોઃ—

**आशामोदकतृप्ता ये ये चास्वादितमोदकाः ।**
**रसवीर्यविपाकादि तुल्यं तेषां प्रसज्यते ॥**

**અર્થ**—જેઓ કાલ્પનિક લાડુથી સંતોષિત થયા છે અને જેઓ સાચા લાડુ ખાઇને તૃપ્ત થયા છે તે બન્નેને રસ વીર્યની પુષ્ટિ વગેરે સમાન થવાં જોઇએ. અર્થાત્ ભ્રમ અને સત્ય વસ્તુ બન્નેને એક માનવામાં આવે તો યથાર્થ વસ્તુથી થતાં કાર્યો ભ્રમરૂપ વસ્તુથી પણ થવાં જોઇએ. એમ થતું નથી માટે વિજ્ઞાનથી ભિન્ન એવા આ ઘટપટ વગેરે યથાર્થ પદાર્થો છે એમ માનવું જોઇએ.

એ પ્રમાણે સ્યાદ્વાદીએ વિજ્ઞાનથી જુદા પદાર્થો છે એમ સિદ્ધ કર્યું. બૌદ્ધ કેટલીક ચર્ચા કરવા ઇચ્છતો હતો પરંતુ સમય પૂરો થઈ જવાને કારણે બૌદ્ધની અન્ય ચર્ચા અન્ય સમય પર મૂલતવી રાખી સભા બરખાસ્ત કરવામાં આવી. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कतिपय संशोधन

लेखक–श्रीयुत पन्नालालजी दुगड

### "श्री जैन सत्य प्रकाश" क्रमांक ६२–'पंजाब में जैनधर्म शीर्षक लेख में संशोधन' लेख में निम्न संशोधन करना।

पृ० ८८ पं० २६ में २४ अगस्त १५८५ के आगे जो '४०' छपा है वह नहीं होना चाहिये।

पृ० ८९ पं० १ 'श्रीचिन्तामणि पार्श्वनाथजी के भूमिगृह में' के बजाय 'उक्त मंदिर के भूमिगृह के भंडार में' समझना।

पृ० ८९ पं० ६–७ में 'सं. १६४७ हिन्दीका प्रारंभ काल' समझना।

पृ० ८९ पं० २० में 'साथ में के किसी साधु के नाम के 'बजाय' भानुचन्द्रजीका नाम लिखने की भूल की है' समझना।

पृ० ८९ पं० १० में पृ० १६५ के बजाय १६६ चाहिए।

पृ० ८९ पं० २४ में 'फिर' के आगे इस प्रकार बढाना–'बिहार करके पाटन में आये और सं १६६९ का चौमासा पाटन में कर रहे थे।

पृ० ९० पं० १२ में 'राम कल्याण' के स्थानमें 'राय कल्याण' समझना।

पृ० ९० पं० २० के आगे छटे संशोधन में नीचे लिखा हुआ लेख और बढ़ाना:—

"इसके सिवाय अकबरनामा में तलाश किया गया तो जहांगीर की जिस पुत्री के मूल नक्षत्र में जन्म लेने के कारण ग्रह अष्टोत्तरी स्नात्र हुई थी उसका जन्म १५ दे सन ३४ इलाही [ २७ दिसम्बर १५८९ ई० वि० हिं० १६४६ पोष वदी १४ ] को हुआ था ( देखो अकबरनामा भा० ३ फारसी पृ० ५७२ अंग्रेजी अनुवादित पृ० ८६५–६६ ) तो उस समय तक मानसिंहजी के अकबर के सम्पर्क में आनेका कहीं नाम निशान भी नहीं मिलता है अतः देसाईजी का कथन सर्वथा प्रामाणिक है।

युगप्रधान श्री जिनचंद्रसूरि वक्तव्य पृ० २३ में सं० १६४७ [ आश्विन वदी २ ] की जन्मी हुई कन्या को मूल नक्षत्रमें जन्मी हुई मान लेना सर्वथा असत्य है, क्यों कि उस दिन तो प्रायः अश्विनी नक्षत्र या उससे पिछला या अगला नक्षत्र होता है। इसके साथमें यह भी बतला देना आवश्यक है कि श्री हीरविजयसूरिरास पृ० १८३ में कन्या होनेकी घटना काश्मीर प्रवास के पश्चात् लिखी है सो तो भूल है ही वलिक चरित के दूसरे प्रकाश में अजीजकोका (आजमखान) की जाम को जीतने के बाद इस घटना का

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उल्लेख करना भी भूल है अर्थात् दोनों में वर्णनक्रम की ऐसी अन्य कई स्थानों में भी भूलें दृष्टिगोचर होती हैं।"

पृ० ९० पं० १२ टिप्पणी में निम्न लेख और बढ़ा कर पढ़ना—

'श्रीविजयतिलकसूरिरास का सार लिखते हुए श्रीविद्याविजयजीका, मूल के आशय के विरुद्ध, यह लिखना कि 'इंद्रविजय वाचक भानुचन्द्रजीनो बोल लइने अजमेर पहोंच्या' सरासर अयुक्त है।"

क्रमांक ६१ में 'कावीतीर्थ विषयक लेख में संशोधन' शीर्षक लेख में पृ० ४५ पं० १८ के आगे निम्न लेख और बढाकर पढें:—

(५) "यद्यपि श्रीयुत देसाईजीका रत्नतिलक प्रासादकी प्रशस्ति के अनुसार यह लिखना ठीक है कि उसमें सं० १६५४ श्रावण वदि ९ को केवल मंदिर बनना लिखा है, प्रतिष्ठा नहीं। किन्तु सर्वजित प्रासाद की प्रशस्ति में सं० १६४९ मगसिर सुदि १३ को प्रासाद 'कारितं' के साथ में 'प्रतिष्ठितं' भी साफ लिखा है अतः यह तिथि निश्चयपूर्वक प्रतिष्ठा की ही लिखी है अन्यथा प्रत्येक मूर्तियों के लेखों के भावार्थ अशुद्ध हो जावगे।'

## खंभात के संबंध में संशोधन

"श्री जैन सत्य प्रकाश" क्रमांक ५३-५४ (संयुक्त) पृ. २१७ में मुनिश्री यशोभद्रविजयजी ने खंभात में माणेकचोकमें श्रीनगीनदास सांकलचंद की जमीन मेंसे खाली जमीन खुदाई करते हुए ता. ३०-११-३९ को अन्यान्य मूर्तियों के साथ में जो श्री पार्श्वनाथजी का परिकर निकला है उसका लेख इस प्रकार प्रकाशित किया है.

"सं. १६६९ वर्षे आषाढ सित त्रयोदशीदिने उकेशज्ञातीय सो. तेजपाल भार्या तेजलदेनाम्न्या स्वश्रेयसे श्रीपार्श्वनाथपरिकरः कारितः। प्रतिष्ठितश्च तपागच्छे श्रीविजयसेनसूरिभिः। श्री पं. मेरुविजयः प्रण(म)तितराम्। सकलसंघाय मंगलं भूयात्।"

आगे मुनिश्रीने लिखा है कि "आ लेखमां गामना नामनो निर्देष नथी. जो ए होत तो मूळे आ परिकर कया स्थळनो हशे ते जाणी शकात।"

इसके उत्तर में निवेदन है कि सोनी श्री तेजपालजी खंभातनिवासी थे और उन्होंने अनेकों प्रतिष्ठादि धर्मकार्य किए थे। वर्तमान में श्री शत्रुंजय तीर्थपर जो मुख्य मंदिर है वह उन्हींका जीर्णोद्धार कराया हुआ है (देखो श्री हीरविजयसूरिरास पृ० १६५-६६ आदि। इसके सिवाय (उनके देहावसान के पश्चात्) उनकी पत्नी तेजलदेजी ने एक श्री विजयचिन्तामणि पार्श्वनाथजी का भूमिगृह सहित मंदिर खंभात में माणेकचौकमें खिडकीमें निर्माण कराकर गुजराती सं १६६१ वैशाख सुदि ७ को श्री विजयसेनसूरिजी से प्रतिष्ठा कराई थी जिसकी प्रशस्ति इसी मंदिर में लगी हुई है, उसका

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आवश्यक अंश इस प्रकार है—

"...तेजलदे नाम्न्या। निजपति सौवर्णिक तेजपाल प्रदत्ताज्ञया। प्रभूतद्रव्यव्ययेन सभूमिगृहश्रीजिनप्रासादः कारितः कारितं च तत्र मूलनायकतया। स्थापना कृते श्री विजयचिन्तामणिपार्श्वनाथबिंबं प्रतिष्ठितं च। ... ... ।" (देखो सूरीश्वर अने सम्राट् पृ० २५९)

इससे यह तो साफ़ प्रकट है कि उक्त श्रीपार्श्वनाथजी परिकर सहित प्रतिष्ठित न हुए थे तब इस समय में जो परिकर उपलब्ध हुआ है वह इन्हीं का न हो? और उक्त मूलनायकजी के पास वेदी में इतनी जगह न होगी जो यह वहां विराजमान कर दिया जाता। अतः यह परिकर वहीं माणेकचौक में दूसरे स्थान में अन्यान्य मूर्तियां सहित विराजमान किया गया और अधिक संभव है कि जिस स्थान पर अब यह उपलब्ध हुए हैं मूल भी यहीं पर विराजमान किए गए होंगे जो कि कालकी विकराल गति से स्थानके ढह जानेसे अब इस प्रकार से उपलब्ध हुए हैं।

श्रीविजयप्रशस्तिकाव्य सर्ग १९ श्लोक ५७ से ६० तक में उल्लेख है कि [गु. सं. १६६१ में] श्रीविजयसेनसूरिजी का चौमासा खंभात में था। अतः उक्त मंदिर की तो प्रतिष्ठा उन्होंने अवश्य ही कराई, परन्तु इस परिकर की प्रतिष्ठा के समय में हिंदी सं. १६६९ और १६७० में उनके चौमासे क्रमशः देलवाडे और नवानगर में थे [सर्ग २१ श्लोक २१ से ३१ तक], क्योंकि इस परिकर का लेख चतुर्मास प्रारंभ होने से केवल एक दिन पहिले का है, अतः वास्तव में पं. श्री मेरुविजयजी ने इसकी प्रतिष्ठा [खंभात में] की थी। जिन लेखों में वार नहीं होते उनके विषय में अन्य साधनों के विना यह निर्णय नहीं किया जा सकता कि वे हिन्दी गणना के हैं या गुजराती गणना के, बल्कि कभी कभी तो वार सहित लेखों की भी पद्धति का निर्णय करना अशक्य हो जाता है, अतः इस विषय में मौनावलम्बन करना पड़ता है।

यद्यपि आपने उक्त लेखका अक्षरार्थ ठीक किया है कि 'मेरुविजय प्रणाम करते हैं'। परन्तु असल में इसके प्रतिष्ठापक वे ही थे। इस प्रकार के बहुत से लेख उपलब्ध हैं [देखो उना और शत्रुंजयपर श्रीहीरविजयसूरिजी की पादुका के लेख व 'श्री जैन सत्य प्रकाश' क्रमांक ५८ पृ० ३६० आदि आदि]।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બાલાપુર ત્યાંના મંદિરમાંના ધાતુપ્રતિમા લેખો

લેખક-મુનીરાજ શ્રી કાંતિસાગરજી. નાગપુરસિટિ

**અમૃતવિજયજી**

ગયા અંકમાં આપણે જોએલ હસ્તલિખિત પ્રતોની પુષ્પિકાઓમાં અમૃતવિજયજીનો ઉલ્લેખ જોવાય છે. તેઓના અક્ષરો પણ સુંદર માલુમ પડે છે. પણ આ અમૃતવિજયજી કોણ? અને કોના શિષ્ય હતા? એ પ્રશ્ન સહજ ઉપસ્થિત થાય છે. તેઓ ૧૬ વરસની વયે બાલાપુર આવ્યા હતા. ૧૮૮૦–૧૯૧૧ સુધીના એમનાં લખેલાં પુસ્તકો ત્યાં મળી આવે છે. તેઓ સંસ્કૃત સાહિત્યના પણ સારા જ્ઞાતા હતા, અને જ્યોતિષમાં બહુ જ સારૂં જ્ઞાન ધરાવતા હતા. યતિ હોવા છતાં પણ તેઓ પોતાનો મહામૂલો સમય વ્યર્થ ન ગુમાવતાં પુસ્તકો લખવા વગરે ધાર્મિક કાર્યોમાં વ્યતીત કરતા. આવા યતિઓથી જ પહેલાંનાં યુગમાં તેઓની સત્તા જૈન સંઘો પર અસ્તિત્વ ધરાવતી. તેઓ હેમવિજયજીના શિષ્ય હતા. આ માટે પુષ્પિકા નંબર ૧૮ જોવા વિજ્ઞપ્તિ છે. બાલાપુરના જૈનસંઘ ઉપર તેમનો અનહદ ઉપકાર હતો. ૧૯૩૨માં તેઓનો સ્વર્ગવાસ થયો. યદ્યપિ અમૃતવિજયજી યતિ હતા તથાપિ તેમનું ચારિત્ર ઉચ્ચ કોટીનું હતું એમ બાલાપુરના કેટલાક વૃદ્ધોનાં કથન પરથી જાણવા મળે છે.

**વિબુધવિમલસૂરિજી**

બાલાપુરમાં વિબુધવિમલસૂરિએ અંતરીક્ષ–પાર્શ્વનાથ–સીરપુરની યાત્રા કરી ચૌમાસું કર્યું હતું એમ વિબુધવિમલસૂરિના ભાસપરથી સિદ્ધ થાય છેઃ—

"હવે **બાલાપુર** આવીયા, જાત્રા કરણે એમ લલના;
અંતરીક્ષ પારસનાથ ભેટીઆ, પેખ્યાં બન છે પ્રેમ લલના. વિબુધ. (૮)[1]
જાત્રા કરીને આવીયા, **બાલાપુર** મુઝાર લલના;
એક ચોમાસો તીહાં રહ્યા, રીઝયાં નરનાર લલના. વિબુધ. (૯)

ત્યાં (બાલાપુરમાં) ઔરંગાબાદથી ભાવિક શ્રાવિકા મીઠીબાઈ વાંદવા અર્થે આવી. ત્યારે તેણીએ પોતાના ગામમાં આવવા માટે પુષ્કળ વિનંતી કરી. ત્યારે આગળનું ચાતુર્માસ આચાર્યશ્રીએ ત્યાં (ઔરંગાબાદ)[2] કર્યું અને છ જણાને ભાગવતી દીક્ષા આપી. ચાતુર્માસ પછી ઇલોરાની[3] યાત્રા કરવા ગયા. સંવત ૧૮૧૪ માગસર વદ ૩ને દિવસે ઔરંગાબાદમાં આચાર્યવર્યનો દેહાન્ત થયો.

---

૧ જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય, પૃ. ૩૭.

૨ આચાર્ય વિજયસિંહસૂરિએ પણ ઔરંગાબાદમાં ચાતુર્માસ કર્યું હતું. શીલવિજય એ (તીર્થમાલા. લ. સં. ૧૭૪૮) ઔરંગાબાદનો ઉલ્લેખ કરે છેઃ—

"દેવગિરી અવરંગાબાદ. શાંતિવીર પ્રણમું આલ્હાદિ (૧૦૬) પ્રા૦ તીર્થમાળા સંગ્રહ, (પૃ.૧૨૧)

હેમચંદ્રગણિ ઔરંગાબાદમાં આવ્યા ત્યારે સર્વ ગચ્છના શ્રાવકોએ પ્રેમપૂર્વક રાખ્યા, ત્યારે ધર્મપ્રભાવના સારા પ્રમાણમાં થઇ. લક્ષ્મીદાસના પુત્રને ત્યાં ચાતુર્માસ બદલાવ્યું. ધનજીશાહના પુત્ર કાનજી શાહે દીક્ષા અંગીકાર કરી. (સિંધપુરમાં). ઔરંગાબાદના વિષયમાં "સમ્યક્ત્વપરીક્ષા" ટબાની પ્રસસ્તિમાં સારો પ્રકાશ પાડવામાં આવેલ છે.

૩ આ ગામ તે જ કે જ્યાં ઈલ નરેશને અંતરીક્ષપાર્શ્વનાથની પ્રતિમા સાંપડી હતી. આની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિબુધવિમલસૂરિનો જન્મ સીતપુરમાં થયો હતો. ૧૭૮૮માં સૂરિપદ મળ્યું. એમનો "સમ્યકત્ત્વપરીક્ષા" નામનો ગ્રન્થ પણ ઉપલબ્ધ થાય છે. ઉપરની તમામ હકીકત વિબુધવિમલસૂરિના રાસઉપરથી લેવામાં આવી છે, કે જે રાસ ૧૮૨૦માં જ્યારે મહિમાવિમલસૂરિ બુરહાણપુરમાં આવ્યા ત્યારે '**વાન**' નામના શ્રાવકે બનાવ્યો હતો. હવે બાલાપુરના મંદિરોમાંની ધાતુપ્રતિમાના લેખો જોઈશું.

## બાલાપુરના જિનમંદિરની ધાતુપ્રતિમા ઉપરના લેખો

બાલાપુરમાં કુલ બે જિન મંદિરો વિદ્યમાન છે. ૧ તપગચ્છનું અને ૨ લોંકાગચ્છનું. તપાગચ્છના મંદિરમાં મૂળનાયક ગોડી પાર્શ્વનાથ છે. પ્રસ્તુત મંદિરમાં જે ધાતુ પ્રતિમાઓ છે તેના લેખો અત્રે આપવામાં આવે છે. તથા જે આચાર્યે પ્રતિષ્ઠા કરી કરાવી તે આચાર્યના અન્ય કઇ કઇ સાલના લેખો કયા કયા સંગ્રહમાં મળે છે તેની નોંધ પણ ઇતિહાસ પ્રેમીઓની સરળતા માટે લેવામાં આવી છે.

## તપાગચ્છના મંદિરમાંની ધાતુ પ્રતિમાના લેખો

**[१] संवत १३४६ (वर्षे) चैत्र सुदि १० भोमे पित्त कुठारसिंह श्रेयसे सुत सांगाकेन श्री शांतिनाथ(बिंबं) कारितं प्रति० यशोभद्रसूरि शिष्य विबुधप्रभसूरिभिः ४ ॥**

**[२] संवत १३९३ माघवदि १ श्री शांतिनाथ प्रतिमा श्री जिनचंद्रसूरिभिः प्रतिष्ठिता कारिता च सा हेमचंद्र भार्या अनसुश्राविकाभ्यां जिसदेव (? जिनदेव) लक्ष्मीश्रेयोर्थं ॥**

**[३] संवत १५११ वर्षे माघ वदि ५ बुद [१ बुध] दिने श्री लोढागोत्रे सा० गोल्हा संताने सा० उधरभार्या उदयणि पुत्र पु० सा० खाभाकेन आत्मश्रेयसे चंद्रप्रभबिंबं का० प्रति० श्री रुद्रपल्लीयगच्छे श्री देवसुंदरसूरिपट्टे श्रीसोमसुंदरसूरिभि ॥५**

**[४] संवत १५१७ ज्ये० शु० १० सोमे उसवालज्ञातीय श्रे. झांझण भा. संतल पु. नरबदन भा. शाणी पु. हेमराज भा. माइ आदि कुटुम्ब सुत.**

---

નોંધ શીલવિજયજીએ પણ નીચે પ્રમાણે લીધી છે.

ઈસોરિ અતિકૌતુક વસ્યું, જોતાં હીયડું અતિ ઉલહસ્યું;
વિશ્વકમા કીધું મંડાણ, ત્રિભુવન ભાવતણું સહિ નાણ.

"પ્રાચીન જૈન તીર્થમાળા સંગ્રહ" પૃ. ૧૨૧

ઐતિહાસિક કળાની દૃષ્ટિએ આ સ્થાન મહત્ત્વપૂર્ણ છે.

૪ પ્રસ્તુત આચાર્યશ્રીના સંવત ૧૩૬૧ના બે લેખો નાહારજીના સંગ્રહમાં (ભા. ૨. પૃ. ૨૩) અને વિદ્યાવિજયજીના પ્રાચીન લેખ સંગ્રહ (ભાગ ૧. પૃ. ૧૬)ના સંગ્રહમાં મળે છે.

૫ સોમસુંદરસૂરિના પ્રતિમાલેખો વિપુલ પ્રમાણમાં મળે છે. માટે નોંધ લીધી નથી. સોમસુંદરસૂરિનો વિસ્તૃત પરિચય "પ્રહ્લાદનપુર" નામના નિબંધમાં કરાવીશ. ગુર્જર સાહિત્યમાં ઉક્ત આચાર્યનું સ્થાન મહત્ત્વનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(? पु) तेन श्रेयसे श्रीमुनिसुव्रतबिंबं कारितं प्र० वृद्धतपापक्षे श्री रत्नसिंहसूरिभिः[६]।

[५] संवत १५२० वर्षे वैशाख शुद १२ बुधे श्री श्रीमालज्ञातीय श्रे. हीरा भा. जीविणि सुत कान्हाकेन भार्या पदमाइ सुत रत्नसहितेन स्वश्रेयसे श्री कुंथुनाथ बिंबं कारापितं रत्नसुरिभिः (प्रति०) अहमदाबाद"[७]

(६) संवत १५३५ पोष वदि १३ बुधे उपकेश ज्ञातीय ठाकुर गोत्र साह सामंत भा. हरखू सुत सा. सालिग भा. धरणू भ्रातृ साह सारगु भा. धारु साह साभिग सुत ३ झोगु सिधु मांडण श्री आदिनाथबिंबं कारापितं ज्ञानकीय गच्छे भट्टारक श्री धनेश्वरसूरिभिः[८]।

(७) संवत १५० (?) माघ शुद १० शनौ उपकेश वंशे धुल्लगोत्रे सा० सांडा भा. करणू पु. सा. जिनदत्तेन सं. जगमाल्ल साधुजीवा[९] सा. जोग प्रमुख लखमादे पुण्यार्थं श्री. सुविधिनाथबिंबं कारापितं खरतरगच्छे श्री जिनचंदसूरिपट्टेश: श्री जिनसागरसूरिभिः[१०]।

(८) संवत १६९१ व० सा० जगडू भा० वीराबाइ श्री संभवनाथ बिंबं कारितं च प्र० विजयदेवसूरिभिः[११]॥

(९) संवत १७८१ मा. शु. ६ शांतिनाथ बिंबं का० तपागच्छे.

---

૬ પ્રસ્તુત આચાર્યના પ્રતિમા લેખો ૧૪૯૭-૧૫૦૦ સુધીના મળે છે.

૭ આ આચાર્યના અન્ય લેખો મારા જોવામાં આવ્યા નથી.

૮ આ આચાર્ય સિદ્ધસેનસૂરિનો શિષ્ય હતા, એમ તેમના સંવત ૧૫૨૬ના (નાહારજી સંગ્રહ ભા. ૨. પૃ. ૧૨૬) તથા ૧૫૩૦ (એજના પૃ. ૨૮૪)ના પ્રતિમા લેખો પરથી ફળે છે. તથા જ્ઞાનકીય-ગચ્છીય આચાર્ય સિદ્ધસેનની મૂર્તિ સં. ૧૪૩૩માં ધનેશ્વરસૂરિએ ભરાવી તે અદ્યાવધિ પાટણમાં ભેસપત વાડામાં ગૌતમસ્વામીના મંદિરમાં મૂળનાયક તરીકે પૂજાય છે. લોકો સાધુની પ્રતિમા જોઈ ગૌતમ સ્વામી તરીકે પૂજે છે. પ્રતિમાપર લેખ સ્પષ્ટ છે. (જુઓ. પ્રા. જૈ. લે. ભા. ૨ પૃ. ૩૨૩) આવી જ રીતે મુંબઇમાં ગોડીજીના મંદિરમાં વિજયદેવસૂરિની ધાતુ પ્રતિમા પણ ગૌતમસ્વામી તરીકે પુજાય છે. પાછળ લેખ લખેલ છે. સં. ૧૭૦૦ની પ્રતિષ્ઠિત છે. તથા શાંતિનાથ મંદિર (બીંદા બન્દર) મુંબઇમાં ત્રીજે માળે ગૌતમ સ્વામીની મૂર્તિ છે તે પણ સુધર્માસ્વામીની મૂર્તિ તરીકે અર્ચાય છે. પાછળ લેખ ખોદેલ છે. ધનેશ્વરસૂરિના ૧૪૩૩ (જિનવિજયજીનો સંગ્રહ પૃ. ૭૬). ૧૪૭૬ (નાહારજીનો સંગ્રહ પૃ. ૭૭), ૧૫૧૬ (નાહારજીનો સંગ્રહ ભા. ૨ પૃ. ૨૨૫), ૧૫૩૦ (પૃષ્ઠ તે જ), ૧૫૩૪ (બુદ્ધિસાગરસૂરિનો સંગ્રહ ૨ પૃ. ૨૦૦), ૧૫૩૫ (બુદ્ધિસાગરસૂરિ સંગ્રહ, પૃ. ૧૨૯), ૧૫૩૬ (નાહારજીનો સંગ્રહ ૨૬૫), ૧૫૪૨ (નાહારજીનો સંગ્રહ પૃ. ૨૪) વગેરે લેખો મળે છે.

૯ આ શબ્દ અત્રે શ્રેષ્ઠતાનો દ્યોતક છે.

૧૦ પ્રસ્તુત આચાર્ય ખરતર પીપ્પલ શાખાના હતા. એમના પ્રતિમા લેખો ૧૪૦૧-૧૫૧૬ સુધીના મળે છે. ૮૪ પ્રતિષ્ઠાઓ ઉક્ત આચાર્યે કરાવી છે. મેવાડમાં ઘણાં મંદિરોની પ્રતિષ્ઠા જિનસાગરસૂરિએ કરાવેલ છે. અમદાવાદમાં એમનો સ્તૂપ પણ હતો. હાલમાં છે કે કેમ એ જાણમાં નથી.

૧૧ આ આચાર્યશ્રીનાં ગીતો મારા સંગ્રહમાં છે. એ પ્રકાશિત થશે ત્યારે તેમાં લેખોનો પરિચય કરાવવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(१०) संवत १८३४ मासोत्तममासे ज्येष्ठ मास शुक्ल पक्षे तिथौ ३ रवौ दिने श्रीमालिज्ञातीय श्राविका सुकडवहु श्री सिद्धचक्र (पट्टः) कारापितः बर्हानपुर[१२]

[११] संवत १८८४ मासोत्तम मासे ज्येष्ठ मासे शुक्लपक्षे तिथि ३ बुधे श्रीमालज्ञातीय सा. कल्याण भा. ववलबाइ (सिद्धचक्रपट्टः कारापितः)

મંદિરની બાંધણી જોતાં સ્પષ્ટ જણાઈ આવે છે કે એ બહુ જ મજબુત છે. અત્યારે ત્યાં રંગનું કાર્ય ચાલુ છે.

## લોંકામતના મંદિરના ધાતુપ્રતિમા લેખો

પ્રસ્તુત મંદિર પણ તપાગચ્છના મંદિર પાસે જ આવેલ છે. મૂળનાયક ચિંતામણિ પાર્શ્વનાથ બિરાજમાન છે.

[१] संवत १४५४ वर्षे वैशाख वदि १० रवौ महं कडूआ सुत वीठाकेन श्री अंबकागोत्रं कारापितं ॥

[२] संवत १४५९ चैत्रवदि १ शनौ प्राग्वाट ज्ञातौ श्रीवीरा भा. मोहणदे, सुत मांडणेन भा. पोमादे सहि० श्री सुमतिबिंबं का. प्र० जीरापल्लीयगच्छे श्री शालीभद्रसूरिभिः[१३] ॥

[३] संवत १४६१ ज्ये० सु. १० उपकेशज्ञातीय गांधीक शाखायां सुदितित ( ? ) गोत्रे श्री सहदेव भा. सहजलदे पुत्र आंबाकेन श्रीशांति (नाथ) बिंबं का० प्र० उपकेशगच्छे ककुदाचार्य सन्ताने देवगुप्तसूरिभिः[१४]।

[४] संवत १५०३ पोष शुद प्रागवाट ज्ञातीय श्रे० वरस्यंग भा. भरमादे सुत बदु श्रावकेन माधू सुत श्रेयोर्थं श्री संभवनाथबिंबं कारितं प्रति. तपा (गच्छे) श्री जयचंदसूरिभिः सांडरवास्तव्य[१५]।

[५] संवत १५१३ वर्षे आषाढ सु. ५ सोमे श्री श्रीमालज्ञातीय सा सहिदे भार्या सांतू सु. सा. राणाभिधेन स्वश्रेयसे श्री श्रेयांसनाथ बिंबं कारितं श्री वीरप्रभसूरिभिः[१६]

૧૨ બુર્હાનપુર પણ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપુર્ણ સ્થાન છે. ઉક્ત નગરમાં એક નહિ પણ અનેક જૈન ઈતિહાસોપયોગી ઘટનાઓ ઘટયાનું ઇતિહાસસૂચન કરે છે. જૈનેતર દૃષ્ટિએ પણ બુર્હાનપુર ઓછું મહત્ત્વ નથી રાખતું. આ નગર સબંધી પણ વિસ્તૃત નિબંધ લખવા ઈચ્છા છે.

૧૩ પ્રસ્તુત આચાર્યશ્રીના અન્ય ૩ પ્રતિમા લેખો સંવત ૧૪૪૦ (બુદ્ધિસાગરસૂરિજી સંગ્રહ ૨ પૃ. ૩૫), ૧૪૭૨ ( પ્રાચીન લેખસંગ્રહ પૃ. ૩૨ ) અને ૧૪૭૭ ( બુદ્ધિસાગરસૂરિ સંગ્રહ પૃ.૮૦)ના મળે છે.

૧૪ ઉપકેશગચ્છની ત્રીજી યા તો ચોથી પાટે આ નામ દૃષ્ટિગોચર થાય છે.

૧૫ અન્ય પ્રતિમા લેખો ૧૫૦૩, ૧૫૦૪, ૧૫૦૫ (બુદ્ધિસાગરસૂરિ ૧) ૧૪૯૬, ૧૫૦૨, ૧૫૦૩, ૧૫૦૪, ૧૫૦૫, ૧૫૦૬ (બુદ્ધિસાગરસૂરિ ૨) અને ૧૫૦૩–૧૫૦૪ (નાહાર ૧–૨)ના મળે છે.

૧૬ આ વીરપ્રભસૂરિ પૂર્ણિમા ગચ્છના હોવા જોઈએ એમ વિદ્યાવિજયજીના સંગ્રહના ૧૮૧ લેખ પરથી અનુમાન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[६] संवत १५२८ वै (? चै) त्र व. १० गुरौ श्री उसवंभीडिआसो (?) वावड भा. जसमादि सा. गुणराजे सुश्रावकेन भा. मेघाई पुत्र. पुजा महिपाल[१७] भ्रातृ हरखा श्री राजसिंह राजसोनपाल सहितेन अंचलगच्छे श्री जयकेसरी-[१८] सूरीणामुपदेशेन पत्निपुण्यार्थं कुंथुनाथबिंबं कारितं प्र० संघेन चिरं नंदतु ॥

[ ७ ] संवत १५३२ वर्षे वैषाख मासे श्री श्रीमाल ज्ञातीय श्रे० भाइआ भा० सं. इंभू सुत तेजाकेन भा. देमति सुत हरदास नरपाळ वीरपालकरम्य धरमणादि युतेन स्वपितृश्रेयसे श्री वासुपूज्यादिपंचतीर्थी श्री आगमगच्छेश अमररत्नसूरि[१९] गुरुपदेशेन कारिता प्रतिष्ठिता च ॥

[ ८ ] संवत १८९३ फा. व. ९ श्री पार्श्व० (नाथबिंबं) प्रतिष्ठितं श्री महेन्द्रसूरिभिः [२०]॥

[ ९ ] संवत १९२४ वैशाख शुक्ल १३ गुरौ श्री आदिनाथबिंबं मालता-गढ निहालचंदेन...कारितः विजयगच्छें शांतिसागरसूरिश्रेयोर्थं ॥

[१०] संवत १९२४ मा. शु [२१] श्री संभवबिंबं का सरूपचंद्र पुत्र हीरा विजयगच्छे शांतिसागरसूरिभिः श्रेयोर्थं ॥

[ ११ ] संवत १९२४ माग १३ कुंथुजिन बिंबं का. सरूपचंद. विजयगच्छे शांतिसागरसूरिभिः ।

[ १२ ] संवत १९१४ माघ १३ गुरौ श्री सुविधिनाथजिनबिंबं श्रीमाल भाठिआ कन्हैयालाल तद्भार्या झरस श्रेयार्थं भ. शांतिसागरसूरिभिः[२२] विजयगच्छे ॥

( ચાલુ )

---

૧૭ અહિંયા સુંદર ચિત્ર આલેખિત છે. આવા ચિત્રો મેં અંચલગચ્છની પ્રતિષ્ઠત મૂર્તિઓ પર જ જોયાં છે.

૧૮ આ આચાર્યના પ્રતિમાલેખ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે.

૧૯ પ્રસ્તુત આચાર્યશ્રીના અન્ય પ્રતિમા લેખો ૧૫૨૪ (બુદ્ધિસાગરસૂરિ ૧), ૧૫૨૮ (બુ. ૨ પૃ. ૨૦૫), ૧૫૩૧ (બુ. ૧), ૧૫૩૨ (તે જ), ૧૫૩૬ (નાહાર. ૨ ૨૭૯), ૧૫૪૭ (તે જ પૃ. ૨૮૨)ના મળી આવે છે. વિદ્યાવિજયજીના સંગ્રહમાં સં. ૧૫૧૫ (પૃ. ૧૧૭), ૧૫૨૭ (૧૧૮), ૧૫૨૮ (૧૨૦), ૧૫૩૨ (૧૩૦) અને ૧૫૪૭ (૧૪૫)ના ઉપલબ્ધ છે.

૨૦ પ્રસ્તુત: આચાર્ય તે જ કે જેમણે મોતીશાહ ટુંકની પ્રતિષ્ઠા ૧૮૯૩માં કરાવી હતી. આ આચાર્ય જિનહર્ષસૂરિના શિષ્ય હતા. તેઓએ ૧૮૯૨માં જુદી શાખા કાઢી જે હાલ મંડોવરીયાના નામથી વિખ્યાત છે. મહેંદ્રસૂરિજીના ૧૮૯૩ થી ૧૯૧૪ સુધીના લેખો મળે છે. મહેંદ્રસૂરિના કેટલાક અપ્રકટ લેખો મારા સંગ્રહમાં પણ છે.

૨૧ આ જગ્યાએ ૧૩ જોઇએ એમ નીચેના નંબર ૧૧ના લેખ પરથી ફળે છે.

૨૨ આ આચાર્યના અન્ય પ્રતિમાલેખો બુદ્ધિસાગરસૂરિજીના સંગ્રહમાં મળી આવે છે. ૧૯૨૪ ના લેખવાળી ૬ પ્રતિમાઓ મુંબઈના ચિંતામણિ પાર્શ્વનાથજીના મંદિરમાં વિદ્યમાન છે. (જુ. "જૈન સત્ય પ્રકાશ" વર્ષ ૫ અંક ૪ પૃ. ૧૬૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મરાઠી ભાષાના 'કિર્લોસ્કર' માસિકમાં પ્રગટ થયેલ

# 'ऊंचे देऊळ' વાર્તા અંગેનો પત્રવ્યવહાર

કિર્લોસ્કરવાડી (જિ. સાતારા) થી પ્રસિદ્ધ થતા 'કિર્લોસ્કર' માસિકના ગયા જુલાઈ મહિનાના અંકમાં શ્રીયુત દ. પાં. ખાંબેટેની 'ऊंचे देऊळ' :શીર્ષક એક ટૂંકી વાર્તા પ્રગટ થઈ છે. આ વાર્તામાં એક યતિના પાત્રરૂપે કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય સંબંધી ઘણું જ ખરાબ ચિત્રણ કરવામાં આવ્યું છે. આ અંગે અમે એ વાર્તાના લેખક તેમજ 'કિર્લોસ્કર'ના તંત્રી સાથે પત્રવ્યવહાર કર્યો છે. કથાલેખકને બે પત્ર લખ્યા છતાં તેમના તરફથી હજુ કશો ઉત્તર મળ્યો નથી એટલે 'કિર્લોસ્કર'ના તંત્રી તરફથી જે પત્ર મળ્યો છે તે સાથેનો અત્યાર સુધીનો બધો પત્રવ્યવહાર અમે અહીં જનતાની જાણ માટે પ્રગટ કરીએ છીએ. હજુ આ સંબંધી પત્રવ્યવહાર ચાલુ છે એટલે આ અંગે અમારે જે કંઇ કહેવાનું છે તે અત્યારે મોકૂફ રાખીએ છીએ.

આ પત્રવ્યવહાર અમે હિન્દી ભાષામાં કર્યો છે, અને 'કિર્લોસ્કર'ના તંત્રી તરફથી મળેલો જવાબ મરાઠી ભાષામાં છે. એ બન્નેનું અમે અહીં ગુજરાતી ભાષાન્તર આપીએ છીએ અને સાથે સાથે હિન્દીભાષી જનતા પણ આ વસ્તુ સમજી શકે અને મૂળ પત્રવ્યવહાર જળવાઇ રહે તે માટે તે હિન્દીમાં પણ આપવો ઉચિત ધારીએ છીએ. **વ્યવસ્થાપક.**

### કથાના લેખક શ્રી. દ. પાં. ખાંબેટેને લખાયેલો પત્ર

**અમદાવાદ**, તા. ૧૯-૧૦-૪૦

શ્રીયુત દ. પાં. ખાંબેટે મહાશય,

'કિર્લોસ્કર' માસિકના ગયા જુલાઇ માસના અંકમાં આપે લખેલી 'ઊંચે દેઊળ' શીર્ષક એક કથા પ્રગટ થઇ છે. આ કથા કાલ્પનિક નહીં પણ ઐતિહાસિક હોવાનું આપે લખ્યું છે અને કથાના અંતમાં Bombay Gazetteer vol. 1 Part 1. History of Gujarat (બોમ્બે ગેઝેટીયર)નું નામ આધાર ગ્રંથ તરીકે લખ્યું છે.

અમને એ લખતાં સખ્ત અફસોસ થાય છે કે આ કથા સર્વથા કલ્પિત, અસત્ય અને આપ આપો છો એવા ઐતિહાસિક આધાર વગરની છે. 'બોમ્બે ગેઝેટીયર'ના જે ઉલ્લેખને આધારે આપ આપની 'ઊંચે દેઊળ'ની કથાને પ્રમાણિત કરવા ઇચ્છો છો તે ઉલ્લેખ આ છેઃ—

"Among the stories told of the king's zeal for life-saving is one of a Bania of Sambara who having been caught killing a louse was brought in chains to Anhilwada and had his property confiscated and devoted to the building at Anhilwad of a Louse Temple or Yukavihar."

આનો સ્પષ્ટ અર્થ એ છે કે—"મહારાજા કુમારપાળે જૂ મારવાના ગુન્હામાં પકડાએલ સાંબરના વતની એક વાણિયાની સંપત્તિ જપ્ત કરાવી લીધી અને તે સંપત્તિમાંથી એક મંદિર બંધાવ્યું જે 'યૂકાવિહાર' ના નામે પ્રસિદ્ધ થયું."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આપે જે કથા લખી છે તેનો સાર આ છે—

"સાંભરના વતની ધનપાળ નામના એક પુરુષને રાજપુરુષોએ જૂં મારવાના ગુન્હા-સર કેદ કરીને ન્યાયાલયમાં હાજર કર્યો. તે વખતે ન્યાયાલયમાં અપરાધી ધનપાળ, રાજ પુરુષ, સભાસદો અને મહારાજા કુમારપાળ ઉપરાંત એક યતિ પણ હાજર હતા (યતિનું નામ આપે આ કથામાં ખુલ્લું નથી કર્યું, પણ જે રીતે આપે એ પાત્રને કથામાં રજૂ કર્યું છે તે ઉપરથી ઇતિહાસના સામાન્ય અભ્યાસીને પણ એ સમજવું મુશ્કેલ નથી કે એ યતિનું પાત્ર ગુજરાતના મહાન જ્યોતિર્ધર શ્રી હેમચન્દ્રાચાર્ય જ છે). યતિજી ધનપાળને અપરાધી સાબીત કરવા માટે ખૂબ પ્રયત્ન કરે છે અને રાજા તેમજ સભાસદોની સમક્ષ અનેક પ્રકારની યુક્તિઓ રજૂ કરીને ધનપાળના બચાવને લુલો બનાવી દે છે. આ યતિ-જીનું પાત્ર જાણે સરકારી વકીલ ( Public Prosecutor ) ન હોય એ રીતે દલીલો કરે છે અને અપરાધીને આકરામાં આકરી-ફાંસીની-સજા કરવાનો રાજાને આગ્રહ કરે છે. બિચારો ધનપાળ નિરાશ થઈને રાજાની પાસે દયાની ભિખ માગે છે. રાજા દયા બતાવીને તેને ફાંસીની સજા ન કરતાં તેની બધી મિલકત જપ્ત કરી લેવાનો હુકમ આપે છે. તે મિલ્કતમાંથી એક મંદિર બંધાવવામાં આવે છે."

હું માનું છું કે હવે એ બતાવવાની વિશેષ જરૂર નથી કે 'બોમ્બે ગેઝેટિયર'માં 'યૂકાવિહાર' સંબંધી જે ઉલ્લેખ છે તેમાં અને આપે તે પ્રસંગનું જે ચિત્રણ કર્યું છે તેમાં; એ બન્નેમાં આકાશ-પાતાળ જેટલું અંતર છે.

આથી આપ સહેલાઇથી જોઇ શકશો કે જે કથાને આપ, કથાના પ્રારંભમાં તેમજ અન્તમાં, ઐતિહાસિક હોવાનો દાવો કરો છો તે આપનો મનઃકલ્પિત ઐતિહાસિક આધાર સર્વથા નિર્મૂળ છે. મારા અભિપ્રાય પ્રમાણે આપની કલ્પનાશક્તિએ આ કથામાં જે સ્વેચ્છાવિહાર કર્યો છે તેવો સ્વેચ્છાવિહાર, ઇતિહાસના પવિત્ર નામે લખાતી કથામાં કેવળ દોષરૂપ જ મનાય છે.

'યૂકાવિહાર'ના પ્રસંગને મહારાજા કુમારપાળના જીવનનો એક ઐતિહાસિક પ્રસંગ માની લઇએ તોપણ આ કથાના ઓઠા નીચે આપ જે દુષ્ટ વસ્તુ પુરવાર કરવા માંગો છો તેને તો કોઇ જાતનો પ્રામાણિક આધાર નથી જ, એની અમને પૂરી ખાતરી છે. જે જૈન સાધુ ઝીણામાં ઝીણા જીવ-જંતુને મારવો તો વેગળો રહ્યો, તેને દુભવવાનો વિચાર પણ ન કરે તે એક મનુષ્યને ફાંસીની સજા દઈને મારી નાખવાનો આગ્રહ કરે-આથી વધુ દુષ્ટ વસ્તુ બીજી કઇ હોઇ શકે? આપે આ દુષ્ટ વસ્તુ પુરવાર કરવાનો પ્રયત્ન કર્યો છે અને તે પ્રયત્નની ધૂનમાં આપે ન કેવળ ઇતિહાસનું ખૂન કર્યું છે, ન કેવળ સત્યનો અપલાપ કર્યો છે, ન કેવળ એક પરમ પવિત્ર અને અહિંસાના આદર્શ ઉપાસક સાધુ-પુંગવના નિર્મળ યશોદેહ ઉપર કલંકની કાલિમા લગાવવાનો હાસ્યજનક પ્રયત્ન કર્યો છે, પણ આ અધાયથી આગળ વધીને આપે એક આખા સમાજના હૃદયના કોમળતમ ભાગ ઉપર નિર્દય સખ્ત પ્રહાર કર્યો છે. આપને અવશ્ય ધ્યાનમાં હોવું જોઇએ કે-શ્રી હેમચંદ્રાચાર્યને જૈન સમાજ પ્રથમ પંક્તિના જ્યોતિર્ધર અને પરમ પૂજ્ય માને છે.

જે સમાજ પોતાના જે પૂર્વ પુરુષને પ્રાણથી પણ અધિક પ્રિય અને પૂજ્ય માને છે, તે જ પુરુષના સંબંધમાં કોઇ પણ પ્રકારના પ્રામાણિક આધાર વગરના આવા આક્ષેપો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળવા અથવા તેમનું આવું હલકું ચિત્રણ જોવું-એ સમાજને માટે કેટલું દુઃખકર છે! ક્ષણભર માટે માનો કે આપના ઇષ્ટ પુરુષ માટે કોઇ આવા અસત્ય આક્ષેપ કરે તો આપને તે કેટલું દુઃખકર લાગે? આથી આપ સમજી શક્યા હશો કે શ્રી. હેમચન્દ્રાચાર્ય જેવા પૂજ્ય મહાપુરુષના સંબંધમાં આવા આક્ષેપો વાંચીને જૈન સમાજને કેટલું દુઃખ થયું હશે!

અને કેવળ આટલું જ શા માટે? શ્રી હેમચન્દ્રાચાર્યને કેવળ જૈન સમાજના જ જ્યોતિર્ધર શા માટે માનવા? પ્રાચીન ભારતીય વિદ્વાનોમાં પણ તેમનું સ્થાન પહેલી હરોળમાં છે. તેમના જેવો સર્વવિષયગ્રાહી બીજો વિદ્વાન મળવો મુશ્કેલ છે. આ ઉપરાંત ગૂજરાત ઉપર તેમણે જે મહાન ઉપકાર કર્યો છે, ગૂજરાતની અસ્મિતાને સજીવન કરીને તેમણે ગૂજરાતને જે ગૌરવ અપાવ્યું છે અને પોતાની અહિંસાપ્રધાન ધર્મપરાયણતાના બળે ગૂજરાતને જે સંસ્કારનું દાન કર્યું છે તે ઇતિહાસના અમર પાનાંઓમાં સોનેરી અક્ષરે લખાયેલ છે. તેને ખોટી વાતોથી કોઈ ભૂંસી ન શકે!

આવા મહાન જ્યોતિર્ધર, અહિંસાપરાયણ ધર્મમૂર્તિ આચાર્યના સંબંધમાં આપ એ પુરવાર કરવાનો પ્રયત્ન કરો કે તેમણે એક મનુષ્યનો જીવ લેવાનો હઠાગ્રહ કર્યો તોતેને કોઈ પણ સમાજ સહન ન કરી શકે.

આપની કથાની સાથે એક ચિત્ર પણ છપાયું છે જે કથાની વસ્તુ જેટલું જ ભયંકર છે. તેમાં યતિજીનું જે ચિત્ર આપ્યું છે તે જોઇને કોઈને પણ દુઃખ લાગ્યા વગર ન રહે.

હું તો ત્યાં સુધી કહું છું કે-એક ભક્ત તરીકે નહીં, પણ ફક્ત એક અભ્યાસીની દૃષ્ટિએ પણ જો આપ શ્રી હેમચન્દ્રાચાર્યજીનું જીવન, કવન (એમની સાહિત્ય રચના) અને એમના વ્યક્તિત્વને ઓળખવાનો પ્રયત્ન કરો તોપણ આપે તેમના વિષયમાં જે લખ્યું છે તે માટે આપને જરૂર પશ્ચાત્તાપ થશે.

હવે એ લખવાની જરૂર નથી કે-શ્રી હેમચન્દ્રાચાર્યના સંબંધમાં આપે જે કંઈ લખ્યું છે તેને ઇતિહાસનો થોડો પણ આધાર નથી. તો પછી જે વસ્તુ સાવ નિરાધાર છે અને જે લાખો ધર્મપરાયણ હૃદયોને દુઃખદ લાગે છે તેને પાછી ખેંચી લેવામાં આપને સંકોચ ન થવો જોઈએ. આમ કરીને આપ આપની સત્યપ્રિયતા સિદ્ધ કરી શકશો.

આપણે બધાય એવું સમજી લઇએ કે-જો આપણી કલમથી કોઈનું ભલું ન થઈ શકે તો તેથી કોઈની નિન્દા પણ ન થાય અને કોઈને નકામું દુઃખ ન પહોંચે-તો કેટલું સારું?

મને આશા છે કે-હાર્દિક ભાવભર્યા આ પત્રની આપ અવશ્ય કદર કરશો અને આના ઉપર નિર્મળ ચિત્તે વિચાર કરીને જે કલમે એક અસત્ય ઘટનાનું આલેખન કર્યું છે તે જ કલમથી તેનું પરિમાર્જન કરીને આપની નૈતિક હિમ્મત તેમજ પૂર્વગ્રહરહિત બુદ્ધિનો પરિચય કરાવશો.

પત્રની પહોંચ જરૂર લખીને આભારી કરશો. મારા લાયક સાહિત્યસેવા લખશો.

શીઘ્ર તેમજ આશાભર્યા જવાબની આશા રાખતો-

આપનો

**રતિલાલ દીપચંદ દેસાઈ**

વ્યવસ્થાપક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## 'કિર્લોસ્કર'ના તંત્રીને લખાયેલ પત્ર

અમદાવાદ, તા. ૧૯-૧૦-૪૦

શ્રીમાન્ તંત્રીશ્રી 'કિર્લોસ્કર',

આપના માસિકના ગયા જુલાઇ મહિનાના અંકમાં શ્રીયુત દ. પાં. ખાંબેટે મહાશય લખેલી 'ઊંચે દેઊળ' શીર્ષક જે કથા પ્રસિદ્ધ થઇ છે તેણે અમારા જૈન સમાજના હૃદયને ઘણું દુઃખ પહોંચાડયું છે. અમારા મત મુજબ આવી અસત્ય તેમજ કેવળ કાલ્પનિક આક્ષેપોથી ભરેલી કથા 'કિર્લોસ્કર' જેવા સાર્વજનિક પત્રમાં પ્રસિદ્ધ થાય એ શોભાભર્યું નથી. એ કથામાં શ્રી હેમચન્દ્રાચાર્ય જેવા જૈનસમાજ તેમજ ગુજરાતના મહાન જ્યોતિર્ધર આચાર્ય ઉપર ઘણા જ દુષ્ટ આક્ષેપો કરવામાં આવ્યા છે. આ બાબતમાં વધુ ન લખતાં અમે જે પત્ર શ્રી દ. પાં. ખાંબેટે મહાશયને લખ્યો છે તેની નકલ આપને આ સાથે મોકલીએ છીએ. તેનાથી આપ સાચી હકીકત જાણી શકશો.

મને આશા છે કે—આવી અસત્ય કથા પ્રસિદ્ધ કરવા માટે આપ આપના પત્રમાં જરૂર ખુલાસો કરશો અને શ્રી. દ. પાં. ખાંબેટેને પણ યોગ્ય ખુલાસો કરવા આગ્રહ કરશો. જે કથાએ આખા જૈન સમાજને દુભવ્યો છે તે માટે આટલું કરવું જરૂરી છે. અમને આશા છે કે એક પત્રકારના પવિત્ર સંબંધે આપ આપની આ ફરજ અવશ્ય બજાવશો! વધું શું?

આ પત્રની પહોંચ અવશ્ય લખશો. અમારા યોગ્ય સાહિત્યસેવા લખશો.

શીઘ્ર જવાબની આશા રાખતો—

આપનો

**રતિલાલ દીપચંદ દેસાઇ**

વ્યવસ્થાપક

તા. ક શ્રીમાન્ દ. પાં. ખાંબેટેનું સરનામું અમને ખબર નહિ હોવાથી અમે તેમને જે પત્ર લખ્યો છે તે (ટપાલની ટીકીટ ચોડીને) આપની ઉપર મોકલ્યો છે. આપ તે પત્ર તેમને જલદી મોકલીને આભારી કરશો તેમજ તેમનું સરનામું જણાવશો. ર. દી. દે.

ઉપરના—બે પત્રો લખ્યા પછી 'કિર્લોસ્કર'ના તંત્રી તરફથી અમને નીચેનો પત્ર મળ્યો છે.

## 'કિર્લોસ્કર'ના તંત્રીનો પત્ર

કિર્લોસ્કરવાડી, ૨૫ અકટોબર ૧૯૪૦

શ્રી. રતિલાલ દીપચંદ દેસાઇ,

સપ્રેમ નમસ્કાર. વિ. વિ. આપનો તા. ૧૯મીનો કૃપા-પત્ર મળ્યો. તેની સાથેનો શ્રી. ખાંબેટે ઉપર લખેલો પત્ર વાંચીને તેમના સરનામે આજે રવાના કરું છું.

મને લાગે છે કે આપે 'ઊંચે દેઊળ' ઉપર જે આક્ષેપ કર્યો છે તેમાં લેખકના આશય તરફ જોઇએ તેટલું ધ્યાન દીધું નથી. આ ટૂંકી વાર્તા, લેખકે કરેલ ઉલ્લેખ પ્રમાણે, એક દંતકથાના આધારે લખાઇ છે. કોઇ પણ તત્ત્વ વ્યવહારમાં લાવતી વખતે તેમાં સારાસારનો વિવેક ન રખાય તો કેવો ખરાબ પ્રસંગ ઊભો થાય છે—આ જ એ કથાનો સાર છે. એમાં રજુ કરેલ યતિ એ એક કાલ્પનિક વ્યકિત છે. પણ આપે તેનો સંબંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી. હેમચન્દ્રાચાર્ય સાથે જોડવાની વ્યર્થ ધમાલ કરી છે. અને તેથી જે આશય લેખકના હૃદયમાં નથી તે આશય તેના ઉપર આરોપિત કરવામાં આવ્યો છે–એમ મને લાગે છે,

વિદિત થાય. કૃપા રાખશો એ વિ.

આપનો
**શં. વા. કિર્લોસ્કર,**
તંત્રી

ઉપરનો પત્ર મળ્યા પછી અમે કિર્લોસ્કર'ના તંત્રીને નીચે મુજબ બીજો પત્ર લખ્યો છે.

**'કિર્લોસ્કર'ના તંત્રીને લખાયેલ બીજો પત્ર**

અમદાવાદ, તા. ૭-૧૧-૪૦

શ્રીમાન્ તંત્રીશ્રી 'કિર્લોસ્કર'

આપનો તા. ૨૫-૧૦-૪૦નો પત્ર વેળાસર મળ્યો હતો. આભાર. હું શ્રી. દ. પાં. ખાંબેટેના જવાબની રાહમાં છું, પણ આજ સુધી તેમના તરફથી કોઇ પત્ર નથી મળ્યો.

આપ લખો છો કે—"ઊંચે દેઊળ"ની ટૂંકી વાર્તા લેખકે એક દન્તકથાના આધારે લખી છે અને તે કથામાં જૈન યતિનું જે પાત્ર છે તે એક કાલ્પનિક વ્યક્તિ છે, નહીં કે આચાર્ય હેમચન્દ્ર જેવા ઐતિહાસિક મહાપુરુષ.'

આ કથાના વિષયમાં આપનો આ મત છે. હવે કથા લેખકે, એ કથા ઐતિહાસિક હોવાનો જે મત કથાની શરૂઆતમાં તેમજ અંતમાં જણાવ્યો છે તે જુઓ—

કથાની શરૂઆતમાં તેઓ લખે છે—

"આ કોઇ કલ્પિત કથા નથી, પણ વિચારપ્રવર્તક સત્યકથા છે.

કથાના અંતમાં તેઓ લખે છે—

"પ્રિય વાચક! આપને કદાચ એમ લાગશે કે મેં ઉપર જે કથા લખી છે તે ઇતિહાસના નામના ઓઠા નીચે લેખકના વિકૃત ભેજામાંથી નીકળેલી એક કલ્પિત કથા હોવી જોઇએ. પણ કમનસીબે આ કથા અક્ષરેઅક્ષર સાચી છે.'

આથી આપ જોઇ શકશો કે-'ઊંચે દેઊળ' કથાના સંબંધમાં આપના અભિપ્રાય તેમજ તેના લેખકના અભિપ્રાય વચ્ચે બહુ મોટું અંતર છે. જે કથાને આપ દન્તકથા ઉપર અવલંબિત અને કલ્પિતપાત્રવાળી માનો છો તેને લેખક અક્ષરેઅક્ષર સાચી કહે છે.

જે કથાની શરૂઆતમાં તેમજ અંતમાં લેખકે, તે કથા ઐતિહાસિક અને અક્ષરેઅક્ષર સાચી હોવાનો, આવો નિઃશંક ઉલ્લેખ કર્યો હોય તે કથાનો વાંચનાર તેને, આપની જેમ, દન્તકથારૂપ યા કલ્પિતપાત્રયુક્ત કઈ રીતે માની શકે?

આપના લખ્યા પ્રમાણે ક્ષણભર માટે માની લઇએ કે આ કથામાં ઉલ્લેખાયેલ જૈન યતિ એક કલ્પિત વ્યક્તિ છે તો શું કથાલેખકને આ કથામાં જૈન યતિના પાત્રની કલ્પના એટલા જ માટે કરવી પડી કે-એક : અહિંસાપરાયણ અને દયામૂર્તિ જૈન સાધુને અત્યન્ત નિર્દય અને એક મનુષ્યનો પ્રાણ લેવાના દુષ્ટ આશયવાળો પુરવાર કરવામાં આવે? એક જૈન સાધુ માટે આવું પુરવાર કરવાની ચેષ્ટા કરવી એ સહૃદયતાનું ખૂન કરવા બરોબર છે. તેથી હજારો ધર્મપરાયણ હૃદયોને આઘાત લાગ્યા વગર નથી રહેતો. અને આવી ચેષ્ટાને કોઈ પણ સમાજ સહન નથી કરી શકતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે આપ સમજી શકશો કે (આપના લખવા પ્રમાણે) અમે ન તો 'ઊંચે દેઊળ'ના લેખકના આશયને સમજવામાં દુર્લક્ષ્ય કર્યું છે કે ન તો અમે લેખકના ઉપર કોઇ પ્રકારનું નિરર્થક દોષારોપણ કર્યું છે. શ્રીમાન દ. પાં. ખાંબેટેના પત્રમાં અમે જે કંઇ લખ્યું છે તે તેમના જ ઉલ્લેખના આધારે લખ્યું છે. અને તેનું યોગ્ય સમાધાન કરવું શ્રી. ખાંબેટે માટે ઘણું જ જરૂરી છે. કોઈ કારણે એક ભૂલ થઇ જાય તો તેને વેળાસર સુધારી લેવામાં સંકોચ ન થવો જોઇએ. કોઇ કાર્ય કરતાં ભૂલ ન થાય એ જેટલું જરૂરી છે તેના કરતાં વધુ જરૂરી-ભૂલ થઇ ગયા પછી તેને સુધારી લેવી-એ છે. આમ કરીને માણસ પોતાની સાફદિલી અને નૈતિક હિમ્મતને પુરવાર કરી શકે છે. મને આશા છે કે આપ આ વાત શ્રી. ખાંબેટેને સમજાવવા જરૂર પ્રયત્ન કરશો. અસ્તુ!

છેવટે-આપને વિનંતી છે કે-'ઊંચે દેઊળ' અંગે, એક તંત્રી તરીકે, આપનો જે પ્રામાણિક મત છે (કે જે આપે આપના મારા ઉપરના પત્રમાં સ્પષ્ટ કર્યો-તેને 'કિર્લોસ્કર' માં પ્રકાશિત કરશો, જેથી તે કથા વાંચવાથી વાંચકોમાં જે ભ્રમ ફેલાયો હોય તે દૂર થાય અને એક કલ્પિત કથાને સાચી કથા માનીને કોઈ જૈનધર્મ યા જૈન સાધુની નિંદા ન કરે. મને આશા છે કે પત્રકારના પવિત્ર સંબંધે આમ આટલું જરૂર કરશો.

શ્રી. દ. પાં. ખાંબેટે તરફથી હજુ સુધી મારા પત્રનો કશો જવાબ નહીં મળવાથી બીજો પત્ર આની સાથે મોકલ્યો છે તે તેમને મોકલી આભારી કરશો. અને તેમનું પૂરું સરનામું મને જણાવશો જેથી ભવિષ્યમાં, આપને તસ્દી આપ્યા વગર, હું તેમને સીધો પત્ર લખી શકું.

વધુ શું? મારા લાયક સાહિત્યસેવા લખશો. પત્રનો જવાબ જલદી આપશો.

આપનો

**રતિલાલ દીપચંદ દેસાઇ**

વ્યવસ્થાપક.

## શ્રી. દ. પાં. ખાંબેટે ઉપર લખાયેલ બીજો પત્ર

અમદાવાદ : ૯-૧૧-૪૦

શ્રીમાન્ દ. પાં. ખાંબેટે મહાશય,

'કિર્લોસ્કર' ના ગયા જુલાઈ માસના અંકમાં પ્રસિદ્ધ થયેલ આપની 'ઊંચે દેઊળ' શીર્ષક વાર્તાના સંબંધમાં મેં તા. ૧૯-૧૦-૪૦ ના દિવસે આપને એક પત્ર લખ્યો છે, તે આપને 'કિર્લોસ્કર' ના તંત્રીજી મારફત મળી ગયો હશે. આપના તરફથી આજ સુધી તે પત્રનો જવાબ કે પહોંચ નહીં મળવાથી આ બીજો પત્ર લખવો પડયો છે.

'ઊંચે દેઊળ' માં આપે જે કંઇ લખ્યું છે તેનું પરિમાર્જન કરવું ઘણું જરૂરી છે. તેથી એ પત્રનો જવાબ જલદી આપીને આભારી કરશો.

વધુ શું? મારા લાયક સાહિત્યસેવા લખશો.

આપનો

**રતિલાલ દીપચંદ દેસાઇ**

વ્યવસ્થાપક.

આ પછી હજુ સુધી 'કિર્લોસ્કર'ના તંત્રી કે શ્રી ખાંબેટે તરફથી અમને કશો પત્ર મળ્યો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# 'ऊंचे देऊळ' कथा विषयक पत्रव्यवहार

'किर्लोस्कर' नामक एक मराठी भाषाके मासिकमें 'ऊंचे देऊळ' नामक एक कथा छपी है। उस कथामें कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्राचार्यके उपर दुष्ट आक्षेप किये गये हैं। अतः हमने उस पत्रके सम्पादक व उस कथाके लेखकके साथ जो पत्रव्यवहार किया है वह यहां प्रकाशित करते हैं। पत्रव्यवहार अभी जारी होनेसे हमें इस सम्बन्धमें जो कुछ लिखना है वह इस समय न लिखकर भविष्यमें लिखेंगे। व्यवस्थापक.

## श्री द. पां. खांबेटे (कथा लेखक) को लिखा हुवा पत्र

अमदावाद, १९—१०—४०

श्रीयुत द. पां. खांबेटे महाशय,

'किर्लोस्कर' मासिकके गत जुलाई मासके अंकमें आपने लिखी 'ऊंचे देऊळ' शीर्षक एक कथा प्रगट हुई है। यह कथा काल्पनिक नहीं किन्तु ऐतिहासिक होनेका आपने लिखा है और कथाके अन्तमें Bombay Gazeteer vol. 1 part 1. History of Gujarat का नाम आपने आधार-ग्रन्थ के लिए लिखा है।

हमें यह लिखते सख्त अफसोस होता है कि यह कथा सर्वथा कल्पित असत्य और जिसकी आप साक्षी देते हैं वैसे ऐतिहासिक आधारोंसे शून्य है। Bompay Gazetteer के जिस उल्लेखके आधारसे आप अपनी कहानी 'ऊंचे देऊळ' को प्रमाणित करना चाहते हैं वह उल्लेख यह है—

"Among the stories told of the King's zeal for life-saving is one of a Bania of Sambara who having been caught killing a louse was brought in chains to Anhilwad, and had his property confiscated and devoted to the building at Anhilwad of a Louse Temple or Yukavihar."

इसका स्पष्ट अर्थ यह है कि "महाराजा कुमारपालने जूं मारनेके अपराधमें गिरफ्तार किए गए सांबरनिवासी एक बनियेकी संपत्ति जप्त करा ली और उस संपत्तिमेंसे एक मंदिर बंधवाया जो 'यूकाविहार' के नामसे प्रसिद्ध हुआ"।

अब आपने जो कथा लिखी है उसका सार यह है कि—

"सांबरनिवासी धनपाल नामके एक पुरुषको, राजपुरुषोंने जू मारने के अपराधमें गिरफ्तार कर अदालतमें उपस्थित किया। उस समय अदालतमें

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अपराधी धनपाल, राजपुरुष, सभासद और महाराजा कुमारपालके अतिरिक्त एक यति भी मौजूद थे ( यतिका नाम आपने उस कथामें स्पष्ट नहीं किया किन्तु जिस तरह आपने उस पात्रको कथामें उपस्थित किया है उस परसे इतिहासके सामान्य अभ्यासीको भी यह समझना कठिन नहीं है कि वह यति का पात्र, गुजरातके महान ज्योतिर्धर श्रीहेमचन्द्राचार्य ही हैं)। यतिजी धनपालको अपराधी साबीत करनेके लिए बडा भारी प्रयत्न करते हैं और राजा तथा सभासदों के समक्ष अनेक प्रकारकी युक्तियां पेश करके धनपालके बचावको निर्मूल बना देते हैं। यह यतिजीका पात्र मानो सरकारी वकील ( Public Prosecutor ) न हों इस तरह बहेस करता है और अपराधीको कठिनसे कठिन-देहान्तदण्डकी-शिक्षा देनेका राजासे आग्रह करता है। बिचारा धनपाल निराश होकर राजाके पास दयाकी भिक्षा मांगता है। राजा दया दिखलाके उसे देहान्तदण्ड न देते हुए उसकी संपत्ति जप्त करलेनेकी आज्ञा देता है। उस संपत्तिसे एक मंदिर बंधवाया जाता है।

मैं मानता हूं कि अब यह बतलानेकी विशेष आवश्यकता नहीं है की Bombay Gagetteer में यूकाविहार संबंधी जो उल्लेख है उसमें और आपने उस घटनाका जो चित्रण किया है उसमें-उन दोनोंमें जमिन-आस्मान जितना अंतर है। इससे आप आसानीसे देख सके होंगे कि जिस कथाको आप, कथाके प्रारंभ में तथा अन्तमें, ऐतिहासिक होनेका दावा करते हैं वह आपका मनःकल्पित ऐतिहासिक आधार सर्वथा निर्मूल है। मेरी रायसे आपकी कल्पनाशक्तिने इस कथामें जो स्वेच्छाविहार किया है वह स्वेच्छा-विहार इतिहासके पवित्र नामसे लिखी जाती कथामें केवल दूषणरूप माना जाता है।

'यूकाविहार' की घटनाको महाराजा कुमारपालके जीवनकी एक ऐतिहासिक घटना मानी जाय, तो भी इस कथाके बहानेसे आप जो दुष्ट वस्तु सिद्ध करना चाहते हैं उसको किसी प्रकारका प्रामाणिक आधार नहीं है ऐसा हमे पूरा विश्वास है। जो जैन साधु सूक्ष्मसे सूक्ष्म जीव-जंतुको मारना तो दूर रहा, उसे पीडा करनेका भी विचार नहीं करता वह एक मनुष्यको देहान्तदण्डकी शिक्षा दे कर मार डालनेका आग्रह करे-इससे अधिक दुष्ट वस्तु और कौनसी हो सकती है? आपने इस दुष्ट वस्तुको सिद्ध करनेका प्रयत्न किया है और इस प्रयत्नकी धूनमें आपने न केवल इतिहासका ही खून किया है, न केवल सत्यका अपलाप किया है, न केवल एक परम पवित्र व अहिंसाके आदर्श उपासक साधुपुंगवके निर्मल यशोदेहके उपर कलंककी कालिमा लगानेका हास्यास्पद प्रयत्न किया है, किन्तु इन सबसे बढ कर आपने एक सारे समाजके कोमलतम भागके उपर दयाहीन सख्त प्रहार किया है। आपको अवश्य ख्याल होना चाहिए कि-श्री हेमचन्द्राचार्यको जैन समाज प्रथम पंक्तिके ज्योतिर्धर एवं परमपूज्य मानता है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जो समाज अपने जिस पूर्व पुरुषको प्राणोंसे भी अधिक प्रिय व पूज्य मानता है, उसी पुरुषके संबंधमें बिना किसी प्रामाणिक आधारके ऐसे आक्षेप सुनना या ऐसा हीन चित्रण देखना उस समाजके लिए कितना दुःखद है ? क्षणभरके लिए मान लिजीये कि आपके किसी इष्ट पुरुषके प्रति कोई ऐसे असत्य आक्षेप करे तो आपको वह बात कितनी दुःखकर मालुम होगी ? इससे आप समझ सके होंगे कि श्री हेमचन्द्राचार्य जैसे पूज्य महापुरुषके सम्बन्धमें ऐसे आक्षेप पढनेसे जैन समाजको कितना दुःख हुआ होगा ।

और सिर्फ इतना ही क्यों ? श्री हेमचन्द्राचार्य केवल जैनसमाजके ज्योतिर्धर क्यों माने जांय ? प्राचीन भारतीय विद्वानोंमें भी उनका स्थान प्रथम पंक्तिमें है । उनके जैसा सर्वविषयग्राही अन्य विद्वान मिलना मुश्किल है । इसके अतिरिक्त–गुजरातके उपर उन्होंने जो महान् उपकार किया है, गुजरातकी अस्मिताको सजीवन करके उन्होंने गुजरातको जो गौरवप्रदान किया है और अपनी अहिंसाप्रधान धर्मपरायणताके बलसे गुजरातको जो संस्कारिता दी है वह इतिहासके अमर पृष्ठों पर सुवर्णाक्षरसे अंकित है । उसे वृथा अपलापसे कोई मिटा नहीं सकता ।

आपकी कथाके साथ एक चित्र भी छपा है जो कथाकी वस्तु जितना ही भयंकर है । उसमें यतिजीका जिस प्रकारका चित्र दिया है उसे देखकर किसीको भी दुःख हुए बिना नहीं रह सकता ।

मैं तो यहांतक कहता हूं कि एक भक्तके संबंधसे नहीं, किन्तु केवल एक अभ्यासककी दृष्टिसे भी यदि आप श्रीहेमचन्द्राचार्यके जीवन, उनकी साहित्य रचना एवं उनके व्यक्तित्वको समझनेका प्रयत्न करेंगे तो भी आपने उनके संबंधमें जो लिखा है उसके लिए आपको अवश्य पश्चात्ताप होगा ।

अब यह लिखना जरूरी नहीं है कि श्रीहेमचन्द्राचार्यके संबंधमें आपने जो कुछ लिखा है उसे इतिहासका लेशमात्र भी आधार नहीं है । तो फिर जो वस्तु बिलकुल आधारहीन है और जो लाखों धर्मपरायण हृदयोंको दुःखकर प्रतीत होती है उसे आपसे खिंच लेनेमें आपको संकोच नहीं होना चाहिए । ऐसा करके आप अपनी सत्यप्रियता सिद्ध कर सकेंगे ।

हम सब यह समझ लें कि–यदि हमारी कलमसे किसीका भला न हो सके तो उससे किसीकी बुराई भी न हो और किसीको निरर्थक दुःख न पहुंचे, तो यह कितना अच्छा होगा ?

मुझे आशा है कि–हार्दिक भावसे पूर्ण इस पत्रकी आप अवश्य कदर करेंगे और इसके उपर निर्मल चित्तसे विचार करके जिस लेखिनीने एक असत्य घटनाका आलेखन किया है उसी लेखिनीसे उसका परिमार्जन करके आपकी नैतिक हिम्मतका और पूर्वग्रहरहित मतिका परिचय करावेंगे ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पत्रकी पहुंच अवश्य लिखकर उपकृत करें। मेरे योग्य साहित्यसेवा फरमावे।

शीघ्र आशास्पद उत्तरकी अपेक्षा रखता हुआ-

आपका

रतिलाल दीपचंद देसाई

व्यवस्थापक

## 'किर्लोस्कर'के सम्पादकको लिखा हुआ पत्र

अमदावाद, १९-१०-४०

श्रीमान् सम्पादकजी महाशय 'किर्लोस्कर',

आपके मासिकके गत जुलाई मासके अंकमें श्रीयुत द. पां. खांबेटे महाशयने लिखी 'ऊंचे देऊळ' शीर्षक जो कथा प्रकट हुई है उसने हमारे जैन समाजके हृदयको बहुत दुःख पहुंचा है। हमारे मतसे ऐसी असत्य एवं केवल काल्पनिक आक्षेपसे पूर्ण कथा 'किर्लोस्कर' जैसे सार्वजनिक पत्रमें प्रकट होना शोभास्पद नहीं है। उस कथामें श्रीहेमचन्द्राचार्य जैसे जैन समाजके एवं गुजरातके महान ज्योतिर्धर आचार्यके उपर बहुत दुष्ट आक्षेप किये गये हैं। इस विषयमें अधिक न लिखकर हमने जो पत्र श्रीयुत द. पां. खांबेटे महाशयको लिखा है उसकी नकल आपको इसके साथ भेजी है उससे सत्य हकीकत आपको ज्ञात हो सकेगी।

मुझे आशा है—ऐसी असत्य कथा प्रगट करनेके लिये आप अपने पत्रमें अवश्य खुलासा करेंगे व श्रीमान् द. पां. खांबेटे महाशयको भी अवश्य खुलासा करनेका अनुरोध करेंगे। जिस कथाने सारे जैन समाजको दुःख पहुंचाया है उसके लिए इतना करना आवश्यक है। हमें आशा है एक पत्रकारके पवित्र संबंधसे आप अपना यह कर्तव्य अवश्य अदा करेंगे। विशेष क्या?

इस पत्रकी पहुंच अवश्य दें। हमारे योग्य साहित्यसेवा लिखें।

शीघ्र उत्तर की आशा रखता हुआ-

-आपका

रतिलाल दीपचंद देसाई

व्यवस्थापक

P. S. श्रीमान् द. पां. खांबेटे महाशयका पता (Address) हमें मालुम नहीं होनेसे, हमने जो पत्र उन्हें लिखा है वह (पोस्ट स्टॅंप के साथ) आपके उपर भेजा है। आप वह पत्र उन्हें शीघ्र भेज कर अनुगृहीत करें। और उनका पता हमें सूचित करें। र. दी. दे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## 'किर्लोस्कर' के सम्पादकका पत्र

किर्लोस्करवाडी २५, अक्टूबर १९४०

श्री रतिलाल दीपचन्द देसाई,

सप्रेम नमस्कार, वि. वि. आपका ता. १९का कृपापत्र मिला। उसके साथका रा. खांबेटेके नाम लिखा हुआ पत्र पढकर उनके पतेसे आज भेज देता हूं।

मेरा ख्याल है कि–'ऊंचे देऊळ' के उपर जो आक्षेप किये हैं उसमें लेखकके हेतुकी ओर चाहिए उतना ध्यान आपने नहीं दिया। यह छोटी कहानी, जैसा कि लेखकने लिखा है, एक दन्तकथाके आधारपर लिखी गई है। किसी भी तत्त्वको व्यवहारमें लोते समय यदि सारासारका विवेक न रक्खा जाय तो कैसी दुरवस्था पैदा होती है–यही इस कथाका सार है। उसमें बताया हुआ यति यह एक काल्पनिक व्यक्ति है। लेकिन आपने उसका संबंध श्रीहेमचन्द्राचार्यसे जोडनेका व्यर्थ आडम्बर किया है। और इसी लिए लेखकके मनमें न होनेवाला हेतु उसके उपर लगाया गया है–ऐसा मेरा अभिप्राय है।

विदित हो। प्रेमभाव रखे यह वि.

आपका
शं. वा. किर्लोस्कर
सम्पादक

इस पत्रके उत्तरमें हमने सम्पादकजीको दूसरा पत्र इस प्रकार लिखा है

## 'किर्लोस्कर' के सम्पादकको लिखा हुआ दूसरा पत्र

अमदाबाद ७-११-४०

श्रीमान् सम्पादकजी महाशय 'किर्लोस्कर',

आपका ता. २५-१०-४०का पत्र यथासमय मिला था। धन्यवाद। मैं. श्री. द. पां. खांबेटे के उत्तरकी प्रतीक्षामें हूं। किन्तु आज पर्यंत उनकी तरफसे कोई पत्र नहीं मिला।

आपका लिखना है कि–'ऊंचे देऊळ'की लघु कथा लेखकने एक दन्तकथा के आधारसे लिखी है और उस कथामें जैन यतिका जो पात्र है वह एक काल्पनिक व्यक्ति है, न कि आचार्य हेमचन्द्र जैसे ऐतिहासिक महापुरुष।

इस लथा के सम्बन्धमें आपका मत यह है। अब कथालेखकने, वह कथा ऐतिहासिक होनेका जो मत कथाके प्रारम्भमें तथा अन्तमें प्रदर्शित किया है वह देखिये·

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कथा के प्रारम्भमें वे लिखते हैं-

"यह एक कल्पित कथा नहीं है किन्तु विचारप्रवर्तक सत्यकथा है"।

कथाके अन्तमें वे लिखते हैं –

"प्रिय पाठक! आपको कदाचित् ऐसा प्रतीत होगा कि जो कथा मैंने उपर लिखी है वह ऐतिहासिक नामके बहानेसे लेखकके विकृत भेजेमेंसे निकली हुई एक कल्पित कथा होनी चाहिए! किन्तु दुर्भाग्यसे यह कथा अक्षरशः सत्य है।"

इससे आप देख सके होंगे कि- 'ऊंचे देऊळ' कथा विषयक आपके अभिप्रायमें व उसके लेखकके अभिप्रायमें बडाभारी अन्तर है। जिस कथाको आप दन्तकथाके उपर अवलम्बित व कल्पितपात्रयुक्त मानते हैं उसे लेखक अक्षरशः सत्य बतलाते हैं।

जिस कथाके प्रारम्भ व अन्तमें लेखकने, वह कथा ऐतिहासिक एवं अक्षरशः सत्य होनेका, ऐसा निश्शंक उल्लेख किया हो उस कथाको पढनेवाला उसे, आपकी तरह, दन्तकथारूप या कल्पितपात्रयुक्त कैसे मान सकता है?

आपके लिखे अनुसार क्षणभर के लिए मान लिया जाय कि इस कथामें उल्लिखित जैन यति एक कल्पित व्यक्ति है तो क्या कथालेखकको इस कथा में जैनयतिके पात्रकी कल्पना इसी लिए करनी पडी कि-एक अहिंसापरायण व दयामूर्ति जैन साधुको अत्यन्त निर्दय व एक मनुष्यके प्राण लेनेका दुष्ट आशयवाला सिद्ध किया जाय? एक जैन साधुके लिए ऐसा सिद्ध करनेकी चेष्टा करना सहृदयताका खून करना है। उससे हजारों धर्म परायण हृदयोंको दुःख हुए बिना नहीं रह सकता और ऐसी चेष्टाको कोई भी समाज सहन नहीं कर सकता।

अब आप समझ सकते हैं कि (आपके लिखे अनुसार) न तो हमने 'ऊंचे देऊळ' के लेखकके हेतुको समझनेमें दुर्लक्ष्य किया है और न हमने लेखकके उपर किसी प्रकारका निरर्थक दोषारोपण किया है। श्रीमान् द. पां. खांबेटेके पत्रमें हमने जो कुछ लिखा है वह उन्होंके उल्लेखके आधारपर लिखा है। और उसका उचित समाधान करना श्री. खांबेटे महाशयके लिये अत्यन्त आवश्यक है। किसी कारणसे एक भूल हो जाय तो उसे यथासमय सुधारलेनेमें संकोच नहीं होना चाहिए। किसी कार्यमें भूल न होना जितना आवश्यक है उससे अधिक आवश्यक भूल होजाने पर उसे सुधार लेना है। ऐसा करके मनुष्य अपनी साफदिली व नैतिक हिम्मतको सिद्ध कर सकता है। मुझे आशा है-आप यह बात श्री. खांबेटेको समझानेका प्रयत्न अवश्य करेंगे। अस्तु।

अन्तमें—आपसे प्रार्थना है कि—'ऊंचे देऊळ' के सम्बन्धमें, एक पत्रसम्पादककी हैसियतसे, आपका जो प्रामाणिक मत है (जैसा कि आपने

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आपके मेरे उपरके पत्रमें स्पष्ट किया है ) उसे 'किर्लोस्कर'में प्रकाशित करें जिससे उस कथाके पढनेसे पाठकोंमें जो भ्रम फैला हो वह दूर होजाय और एक कल्पित कथाको सत्य कथा मानकर कोई जैनधर्म या जैन साधुकी निन्दा न कर सके। मुझे आशा है-पत्र सम्पादक के पवित्र सम्बन्धसे आप इतना अवश्य करेंगे।

श्री द. पां. खांबेटेकी तरफसे मेरे पत्रका अभी तक कोई उत्तर नहीं मिलनेसे दूसरा पत्र इसके साथ लिख भेजा है वह उन्हें भेजकर अनुगृहीत करें। और उनका पूरा पता (address) मुझे सूचित करें जिससे भविष्यमें, आपको तकलीफ न देकर, मैं उन्हें सीधा पत्र लिख सकुं। विशेष क्या? मेरे योग्य साहित्यसेवा लिखें।

पत्रका उत्तर शीघ्र दें।

-आपका

रतिलाल दीपचंद देसाई

व्यवस्थापक.

## श्री. द. पां. खांबेटेको लिखा हुआ दूसरा पत्र

अमदावाद, ७—११—४०

श्रीमान् द. पां. खांबेटे महाशय,

'किर्लोस्कर' के गत जुलाई मास के अंकमें प्रकाशित आपकी 'ऊंचे देऊळ' शीर्षक कथाके सम्बन्धमें मैंने ता. १९-१०-४० के रोज आपको एक पत्र लिखा है, वह पत्र आपको 'किर्लोस्कर'के सम्पादकजीकी तरफसे मिल गया होगा। आज पर्यन्त आपकी तरफसे उस पत्रका उत्तर या स्वीकार न मिलनेसे यह दूसरा पत्र लिखना पडा है।

'ऊंचे देऊळ' में आपने जो कुछ लिखा है उसका परिमार्जन होना अत्यन्त आवश्यक है। अतः उस पत्रका शीघ्र उत्तर देकर अनुगृहीत करें।

विशेष क्या? मेरे योग्य साहित्यसेवा लिखें।

-आपका

रतिलाल दीपचंद देसाई

व्यवस्थापक.

इसके पश्चात अभी तक 'किर्लोस्कर'के सम्पादक या श्री खांबेटे महाशयकी ओरसे हमें कोई पत्र नहीं मिला।

'કિર્લોસ્કર'ના તંત્રીના જે પત્રનું અમે અહીં ગૂજરાતી તેમજ હિન્દી ભાષાન્તર આપ્યું છે તે પત્ર મૂળ મરાઠી ભાષામાં નીચે મુજબ છે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



किर्लोस्करवाडी, २९ आक्टोबर, १९४०

श्री. रतिलाल दीपचंद देसाई,
श्री जैनधर्म सत्यप्रकाशक समित,
जेशिंगभाई वाडी, घीकांटा, अहमदाबाद

सप्रेम नमस्कार वि. वि.

आपलें ता. १९ चें कृपापत्र पोचलें. त्यासोबत रा. खांबेटे यांचे नांवे लिहिलेलें पत्र वाचून त्यांचे पत्यावर आज रवाना करीत आहे.

मला वाटतें कीं आपण ऊंचे देऊळ वर जे आक्षेप घेतले आहेत, त्यांत लेखकाच्या हेतुकडे हवें तेवढें लक्ष दिलेलें नाहीं. ही लघुकथा लेखकाने उल्लेख केल्याप्रमाणे एका दंतकथेवर आधारलेली आहे. कोणतेंहि तत्त्व व्यवहारांत आणताना त्यांत सारासार दृष्टि ठेविली नाही म्हणजे कसा अनवस्था प्रसंग उद्भवतो, हेंच या गोष्टीचें सार. त्यांत दाखविलेला यति ही एक काल्पनिक व्यक्ति आहे. पण आपण तिचा संबंध श्री हेमचंद्राशीं जोडण्याचा उगीचच खटाटोप केला आहे. आणि त्यामुळे लेखकाच्या मनांत नसलेले हेतु त्याला चिकटविण्यात आले आहेत, असें मला वाटतें.

कळावे लोभ असावा हे वि.

आपला,
शं. वा. किर्लोस्कर
संपादक.

## પૂજ્ય મુનિમહારાજોને વિજ્ઞપ્તિ

આ અંક પહોંચતાં ચતુર્માસ પૂર્ણ થઈ ગયું હશે અને ચોમાસામાં બંધ થયેલો પૂજ્ય મુનિમહારાજોનો વિહાર શરૂ થશે. આથી સર્વ પૂજ્ય મુનિમહારાજોને સવિનય વિજ્ઞપ્તિ કરવાની કે—

(૧) આ માસિકનું વાચન વધે તે માટે તેના ગ્રાહકો વધારવાની ખાસ જરૂર છે. ગ્રાહકો વધે તો માસિકનો પ્રચાર વધવાની સાથે સાથે માસિકના નિભાવ માટે પણ સારો ટેકો મળે. આથી જુદા જુદા ગામોમાં વિહાર દરમ્યાન યોગ્ય અવસરે આ માટે ઉપદેશ આપવાની કૃપા કરશો.

(૨) પ્રતિષ્ઠા, અઠાઈમહોત્સવ, સંઘ વગેરે ધાર્મિક શુભ પ્રસંગોએ સમિતિને યોગ્ય મદદ મળે તેવી પ્રેરણા કરવાની કૃપા કરશો.

[૩] વિહાર દરમ્યાન જુદા જુદા સ્થળોનું સરનામું દર અંગ્રેજી મહિનાની તેરમી તારીખ પહેલાં સમિતિને જણાવવાની કૃપા કરશો, જેથી માસિક ગેરવલ્લે ન જતાં, સમયસર પહોંચાડી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનેતર ગ્રંથોમાં અભક્ષ્યનો વિચાર

લેખકઃ-મુનિરાજ શ્રી રામવિજયજી

જૈન શાસ્ત્રકાર ભગવંતોએ કંદમૂળનો ત્યાગ કરવાનું બતાવ્યું છે. તેવું જ અન્ય દર્શનકારોએ "પુરાણ" વગેરે ગ્રંથોમાં કંદમૂળ ભક્ષણનો ત્યાગ કરવાનું કહ્યું છે. તેમાં જૈન શાસ્ત્રકાર પ્રતિપાદન કરે છે કે—

**साहारणपत्तेया वणस्सईजीवा दुहा सुए भणिया ।**
**जेसिमणंताणंतणु एगा साहारणा ते उ ॥१॥**

વનસ્પતિ જીવોના બે ભેદ છે-એક સાધારણ વનસ્પતિ અને બીજી પ્રત્યેક વનસ્પતિ. તેમાં એક શરીરને વિષે એક જીવ હોય તે પ્રત્યેક વનસ્પતિ કહેવાય છે. અને એક શરીરમાં અનંત જીવો હોય તેને સાધારણ વનસ્પતિ કહેવાય છે. વળી સર્વ જાતિનાં કંદમૂળ વગેરે સાધારણ વનસ્પતિની જ જાતિ છે. અને સોયના અગ્ર ભાગથી પણ અતિસૂક્ષ્મતર એવા અલ્પ ભાગ જેટલા એક શરીરમાં અનંતા જીવો હોય છે. તેનું દૃષ્ટાંત બતાવે છે-એક લાખ કે વધારે ઔષધી ભેગી કરી તેનું ચૂર્ણ બનાવીએ. પછી તેને કપડાથી ચાળી નાખીએ. પછી પાણી નાંખી તેને ઘૂંટી-ઘૂંટીને પ્રવાહી બનાવીએ, પછી સોયના અગ્ર ભાગને તે પ્રવાહી બનેલી ઔષધીમાં બોળીએ. પછી એક અતિ બારીક અગ્ર ભાગ ઉપર લાખો ઔષધીના અંશ આવે, એ વાત જેમ બુદ્ધિગમ્ય તેમજ સત્ય જણાય છે, એ દૃષ્ટાંતથી જ્ઞાની પરમ કૃપાળુ ભગવાને કેવલજ્ઞાનના બળથી એક બારીક શરીરમાં અનંતા જીવો જોયા છે. વળી એક રતીભાર સારામાં સારો રંગ લઇ, પાણીના એક ઘડામાં નાખ્યો હોય. બધું પાણી આછા રંગવાળું દેખાય. તે પાણીમાં બારીક સોયનો અગ્ર ભાગ બોળીએ. તે અગ્ર ભાગ ઉપર રંગનો બારીક ભાગ આવે એ પણ યુક્તિગમ્ય છે. અને તેથી સાચું જ મનાય છે. એ દૃષ્ટાંતથી સમજતાં કંદમૂળના એક અતિબારીક ભાગ જેટલું તે જીવોનું ઔદારિક શરીર છે. અને અનંતા જીવો ઔષધીના દૃષ્ટાંતથી સમજાય તેવા છે. જીભના સ્વાદમાં લુબ્ધ બની જીવો કંદમૂળનું ભક્ષણ કરે છે. અને અભક્ષ્ય-ભક્ષણથી અવિવેક સેવી ઘણું પાપ બાંધે છે. તે ઉપર અન્ય દર્શનકાર જૈનેતર ધર્મના વિદ્વાન ઋષિઓ પણ 'પદ્મપુરાણ'ના પ્રભાસ ખંડમાં લખે છે-તેથી પણ કંદમૂળ અભક્ષ્ય છે એમ નિઃશંસયપણે સાબીત થાય છે. તે શ્લોક નીચે પ્રમાણે છે.

**चत्वारो नरकद्वाराः प्रथमं रात्रीभोजनम् ।**
**परस्त्रीगमनं चैव संधानानंतकायिके ॥**

નરકમાં જવાના ચાર દરવાજા છે—(૧) પ્રથમ રાત્રીભોજન, (૨) બીજા દરવાજા રૂપે પરસ્ત્રીગમન, (૩) ત્રીજા દરવાજારૂપે અનેક જાતનાં બોળ અથાણાં અને (૪) ચોથા દરવાજારૂપે કંદમૂળ (અનંતકાય) કહેલ છે.

વળી શિવપુરાણમાં જે કહ્યું છે તેના શ્લોકો નીચે પ્રમાણે જાણવા—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यस्मिन् गृहे सदा नित्यं, मूलकं पाच्यते जनैः ।
स्मशानतुल्यं तद् वेश्म पितृभिः परिवर्जितम् ॥ १ ॥

मूलकेन समं चान्नं यस्तु भुंक्ते नरोऽधमः ।
तस्य शुद्धिर्न विद्यते चांद्रायणशतैरपि ॥ २ ॥

भुक्तं हलाहलं तेन, कृतं चाभक्ष्यभक्षणम् ।
वृन्ताकभक्षणं चापि नरो याति च रौरवं ॥ ३ ॥

એ ત્રણે શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે સદ્બુદ્ધિથી સ્વીકારવો: જેના ઘરમાં હંમેશાં મૂળાનું શાક રંધાય છે તે ઘર સ્મશાન તુલ્ય જાણવું. વળી તે ઘર પિતૃઓ વડે તજાય છે. વળી મૂળાના શાક સાથે જેઓ અન્ન ખાય છે, તે અધમ મનુષ્યની શુદ્ધિ સેંકડો ચાંદ્રાયણ તપ વડે પણ થતી નથી. જેણે આવાં કંદમૂળ અભક્ષ્ય ખાધાં તેણે હાલાહલ કાલકૂટ જેવું ઝેર ખાધું. વળી રીંગણાના શાક ખાવાથી તે નર મહાદુઃખદાયી એવી રૌરવ નામની નરક ભૂમિમાં જાય છે. અને જમ લોકો તેને ઘણું દુઃખ આપી હેરાન કરે છે.

વળી પદ્મપુરાણમાં નીચે પ્રમાણે પૂર્વના ઋષિઓએ કહ્યું છેઃ—

गोरसं माषमध्ये तु दुग्धादिके तथैव च ।
भक्षयेत् तद् भवेन्नूनं मांसतुल्यं युधिष्ठिर ! ॥

કાચા દુધ, કાચા દહિં, કાચી છાશની સાથે અડદનું ભોજન-ઉપલક્ષણથી સર્વ કઠોળનું ભોજન કરે તો તે માંસ તુલ્ય કહેવાય, એવી રીતે શ્રી કૃષ્ણ પાંડવોના વડિલ ભ્રાતા યુદ્ધિષ્ઠિરને સંબોધન કરીને જણાવે છે.

વળી મહાભારતમાં મધમાં દોષ જણાવ્યો છે, તે શ્લોક નીચે પ્રમાણે જાણવો—

संग्रामेण यत् पापं अग्निना भस्मसात् कृते ।
तत् पापं जायते तस्य मधुबिंदुप्रभक्षणात ॥ १ ॥

આગ લગાડીને ભસ્મીભૂત કરવાથી કે લડાઇ કરવાથી જે પાપ લાગે છે તેટલું પાપ એક મધના ટીપાના ભક્ષણથી લાગે છે.

એવી રીતે જૈન દર્શનમાં પરમ કૃપાળુ ભગવાન્ શ્રી તીર્થંકર દેવોએ કેવલજ્ઞાન બળથી જોઇને કંદમૂળ રીંગણા વિદળ (કાચા દુધ, દહી, છાશ સાથેનું કઠોળ) અને મધમાં દોષ બતાવ્યા છે. તેવી જ રીતે શિવપુરાણ, પદ્મપુરાણ અને મહાભારત આદિમાં ઋષિમુનિઓએ અનેક દોષ બતાવ્યા છે.

વિશેષ સમજુતી ધ્યાનમાં રાખવાની એ જ કે કોઇ પણ બ્રાહ્મણ કે કોઇ પણ જૈનેતર ઉપર લખેલ શ્લોકોના અર્થ ફેરવી જીભના સ્વાદમાં લુબ્ધ બની ભોળા લોકોને ઠગવા જુદા જુદા અર્થ બતાવે, તો પણ જૈન અથવા જૈનેતર સુજ્ઞ બંધુઓએ અજ્ઞાનવશથી ભોળવાઇ જવું નહિ. અને સત્ય વાત લક્ષ્યમાં રાખી અભક્ષ્ય વસ્તુ તજવી. એ જ આત્માને તરવાનો સાચો માર્ગ છે. કિં બહુના ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસન્નચંદ્ર રાજર્ષિ

[ કવિ શ્રી રૂપવિજયજીવિરચિત એક ટૂંકું ગીત ]

સંગ્રાહક—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી

( રાગ ધનાશ્રી )

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય;
તમે છો મોટા મુનિરાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય— (૧)

રાજ છોડી રળિયામણું રે, જાણી અથિર સંસાર;
વૈરાગ્યે મન વાળીયું રે, લીયો સંયમ ભાર— (૨)

સ્મશાને કાઉસગ્ગ રહ્યા રે, પગ ઉપર પગ ચઢાય;
બાહું બે ઊંચા કરીને, સૂર્યની સામે દૃષ્ટી લગાય— (૩)

દુ:ર્મુખ દૂત વચન સુણી રે, કોપ ચઢયો તત્કાળ;
મનશુ સંગ્રામ માંડયો રે, જીવ પડયો જંજાળ— (૪)

શ્રેણિક પ્રશ્ન પૂછે તેહ સમે રે, સ્વામી તેહની કુણ ગતિ થાય;
ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય— (૫)

ક્ષણ એક આંતરે પૂછીયું રે, સર્વાર્થસિદ્ધ વિમાન;
વાગી દેવની દુંદુભી રે, ઋષિ પામ્યા કેવળજ્ઞાન— (૬)

પ્રસન્નચંદ્ર મુનિ મુગતે ગયા રે, શ્રીમહાવીરના શિષ્ય;
રૂપવિજય કહે ધન્ય ધન્ય, દીઠા એ મેં પ્રત્યક્ષ— (૭)

અર્થ—

**પ્રસન્નચંદ્ર રાજર્ષિ** કે જે દીક્ષા અંગીકાર કરી વીર પ્રભુના સમયમાં કાઉસગ્ગ ધ્યાને રહ્યા હતા, તેમના મનમાં પ્રસંગવશાત્ અન્ય જનના શબ્દ શ્રવણથી ખરાબ વિચારો આવ્યા. અને જેમ જેમ તે અન્ય પ્રાણીઓને નાશ કરવાના પાપી વિચાર કરવા માંડયા, તેમ તેમ તેઓ પ્રથમ નરક આદિ સાતે નરકનાં દળિયાં ઉપાર્જન કરવા લાગ્યા.

આ પ્રસંગે વીર પ્રભુને શ્રેણિક રાજાએ પૂછયું કે: અત્યારે પ્રસન્નચંદ્ર મરે તો કયાં જાય ? ત્યારે શ્રી વીર પ્રભુએ પહેલી નરક, બીજી નરક, યાવત્...સાતમી નરક બતાવી. પ્રસન્નચંદ્ર રાજર્ષિ લડાઇના વિચારમાંથી સારા વિચારોની ભાવનામાં ચડયા એટલે તેમણે નરકગતિ યોગ્ય બાંધેલાં કર્મનાં દળિયાં વિખેરી નાંખ્યાં, અને અંતે ઉત્તમ શુકલ ધ્યાનમાં ચડી ઘાતી કર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષપદ પામ્યાં.

સજ્જનો ! વિચારો કે વિચારમાં કેટલું બળ છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मूलाचार

[ दिगंबर मुनिओंका एक प्राचीन व प्रधान आचारशास्त्र ]

लेखक-मुनिराज श्री दर्शनविजयजी

[ गतांकसे क्रमशः ]

श्रुतकेवली श्रीभद्रबाहुस्वामीजीने १० निर्युक्तियां बनाई। उनमें षड्-आवश्यक निर्युक्ति भी एक है। आवश्यक निर्युक्ति में सब मिलकर १६२३ गाथा हैं। षडावश्य मूल, निर्युक्ति गाथा १६२३, और भाष्य गाथा २५३ के उपर श्री हरिभद्रसूरिजीने २२००० श्लोक प्रमाण टीका बनाइ है। जो सम्पूर्ण ग्रंथ मुद्रित हो चुका है।

श्रीमद् वट्टेरक आचार्यने इस सारे ग्रन्थको उठाकर ७वें परिच्छेदमें दाखल कर दिया है। बहुतसी गाथाएं असली रूपमें ही रख दी हैं। जहां जहां दिगम्बरपनेमें नुकसान लगा या अर्थसंकलनाके निमित्त संक्षिप्त विभाग बनानेकी परिस्थिति खडी हुई वहां तिन दो वा एक चरण (श्लोकका पद) को ही उठाया या सारांश ले लिया।

स्वयं ग्रन्थकारने भी अन्तिम गाथासे कबूल किया है कि मैंने णिज्जुत्तीका संक्षेप करके यह निर्युक्ति की है (गा० १९३), माने यह परिच्छेद आवश्यक निर्युक्तिका सार ही है।

मैं यहां पर जांच करनेवालेकी आसानीके लिए दोनों शास्त्रकी गाथायें आमने सामने अंकित करता हूं—

| आवश्यक नि. गा | मूलाचार नि. गा. | आ. गा. | मू. गा. | आ. गा. | मू. गा. |
|---|---|---|---|---|---|
| | | ७९६ | १८ | भा. १९५ | ४७ |
| ८७ | २ | ७९२-से७९५ | २१ | भा. १९७ | ४९ |
| ९१८ | ३ | (भा. १४९) | २३ | भा १९९ | ५२ |
| ९२२ (९२३) | ४ | ७९७ | २४ | भा. २०१ | ५३ |
| ९२३ | ५ | ७९८ | २५ | भा. २०२ | ५४ |
| ९५३ | ६ | ७९९ | ३३ | १०५९ | ५५ |
| (९५४) | ७ | ८०१ | ३४ | १०६० | ५६ |
| ९९५ | ८ | १२४६ | ३६ | १०६२ | ५८ |
| १००२ | ११ | (१२४८) | ३७ | १०६१ | ५९ |
| (१०१०) | १२ | भा. १९० | ४१ | १०६३-१०६४ | ६० |
| ९२६-९९२ | १३ | सूत्र १-६ | ४२ | १०६५ | ६१ |
| ८७ | १६ | १०५८ | ४३ | १०६६ | ६२ |
| १३२-१५२ | १७ | १०५७ | ४४ | १०६९ | ६३ |
| | | | | १०७६ | ६४ |

For Private And Personal Use Only

| आ. गा. | मू. गा. |
|---|---|
| ९२१ | ६५ |
| १०७७ | ६६ |
| १०७९ | ६७ |
| १०९३ | ६८ |
| १०९४ | ६९ |
| १०९५ | ७० |
| १०९६ | ७१ |
| १०९७ | ७२ |
| (१२१८) | ७८ |
| ११०३ | ७९ |
| ११०८ | ८० |
| १२१७ | ८१ |
| (१११६) | ८२ |
| (११२७) | ८५ |
| (११९७) | ९३ |
| ११९५ | ९४ |
| ११०५ (११९६) | ९५ |
| प्र०गा. १(११०७) | ९६ |
| ११९१ (११०७) | ९७ |
| ११०६ | ९८ |
| ११९३ | ९९ |
| ११९८ | १०० |
| ११९९ | १०१ |
| १२०० | १०२ |
| १२०१ | १०३ |
| १२०२ | १०४ |
| (१२१४) | १०५ |

| आ. गा. | मू. गा. |
|---|---|
| १२०७ | १०६ |
| १२०८ | १०७ |
| १२०९ | १०८ |
| १२१० | १०९ |
| १२११ | ११० |
| १२१२ | १११ |
| १२२५ | ११३ |
| १२३४ | ११५ |
| १२३९ | ११५ |
| १२४७ | ११६ |
| १२३२ | ११८ |
| १२५७ | १२० |
| (१२५१) | १२८ |
| १२४४ | १२९ |
| १२४५ | १३० |
| (१२४९) | १३१ |
| भा. २३८ | १३५ |
| १५५५ | १३६ |
| भा. २४२ | १३७ |
| १५६३ | १३९ |
| १५६४ | १४० |
| १५६५ | १४१ |
| (भा. २५३) | १४२ |
| (भा. २४८) | १४३ |
| भा. २४९ | १४४ |
| भा. २५० | १४५ |
| भा. २५१ | १४६ |
| १५८८ | १४७ |

| आ. गा. | मू. गा. |
|---|---|
| १५८९ | १४८ |
| १५९१ | १४९ |
| १४४७ | १५१ |
| १४९७ | १५५ |
| प्र. (१४९६) | |
| १५४६ | १५३ |
| (१४९८) | १५६ |
| १४४९ | १५८ |
| १४५८ | १५९ |
| १५३० | १६० |
| १५३८ | १६२ |
| भा. २३४ | १६३ |
| १५३४ | १६४ |
| १५२९ | १६८ |
| १५५१ | १६९ |
| १५४६ | १७१ |
| १५४७ | १७२ |
| १५४१ | १७४ |
| भा २३५ | १७५ |
| १४७९ | १७७ |
| १४९० | १७९ |
| १४९२ | १८० |
| उत्तराध्ययनजी | मू. ष. |
| गा. | गा. |
| २३–२५ | ३७ |
| १७ | ३८ |
| २६ | १३२–१३३ |
| नवतत्त्व प्रकरण | मूलाचार |
| गा. १४ | गा. ४८ |

( क्रमशः )

सूचना–गतांकमें प्रकाशित इस लेखके पृष्ठ ६० के अन्तमें निम्न पंक्ति बढानी।

"परिच्छेद७, षडावश्यकाधिकार, गाथा १९३"।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નીચેના ત્રણ અંકો દરેક જૈન ઘરમાંઅવશ્ય જોઇએ
શ્રી જૈન સત્ય પ્રકાશનો

# શ્રી પર્યુષણુ પર્વ વિશેષાંક

૨૨૫ પાનાના આ દળદાર સચિત્ર અંકમાં ભગવાન મહાવીર સ્વામી પછીના એક હજાર વર્ષના જૈન ઈતિહાસ ઉપર પ્રકાશ પાડતા અનેક વિદ્વાનોના વિદ્વત્તાભર્યા લેખો આપવામાં આવ્યા છે. સાથે ભ. મહાવીરસ્વામીનું સુન્દર ત્રિરંગી ચિત્ર આપવામાં આવ્યું છે.

**મૂલ્ય--ટપાલ ખર્ચ સાથે એક રૂપિયો**

# 'શ્રી જૈન સત્ય પ્રકાશ'નો ક્રમાંક ૪૩મો

૬૦ પાનાના આ દળદાર અંકમાં જૈન દર્શન ઉપર કરવામાં આવતા માંસાહારના વિધાનોના આક્ષેપોના સચોટ, શાસ્ત્રીય-પુરાવાયુક્ત જવાબો આપવામાં આવ્યા છે.

**મૂલ્ય--ટપાલ ખર્ચ સાથે ચાર આના**

# 'શ્રી જૈન સત્યપ્રકાશ'નો ક્રમાંક ૪૫મો

આ અંકમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય સંબંધી અનેક લેખો આપવામાં આવ્યા છે.

**મૂલ્ય--ટપાલ ખર્ચ સાથે ત્રણ આના**

## લખો : શ્રીજૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ

જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, **અમદાવાદ.**

## લવાજમ

વાર્ષિક–બે રૂપિયા | છુટક અંક–ત્રણ આના

મુદ્રક : નરોત્તમ હરગોવિંદ પંડયા. પ્રકાશક–ચીપનલાલ ગોકળદાસ શાહ
મુદ્રણસ્થાન : સુભાષ પ્રિન્ટરી, સલાપોસ ક્રોસ રોડ, અમદાવાદ
પ્રકાશનસ્થાન : શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઇની વાડી, ઘીકાંટા રોડ, અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# અડધી કિંમતે મળશે

'શ્રી જૈન સત્ય પ્રકાશ'નો

## શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભ. મહાવીર સ્વામીના જીવન સંબંધી વિદ્વાનોએ લખેલા
અનેક લેખોથી સમૃદ્ધ ૩૫૦ પાનાનો દળદાર અંક

મૂળ કિંમત બાર આના
**ઘટાડેલી કિંમત છ આના**

[ટપાલ ખર્ચ એક આનો વધુ].

ભગવાન મહાવીરસ્વામીનું

## ત્રિરંગી ચિત્ર

કળા અને શાસ્ત્રીય દૃષ્ટિએ સર્વાંગ સુન્દર ચિત્ર
૧૪" × ૧૦"ની સાઈઝ સોનેરી બોર્ડર

મૂળ કિંમત આઠ આના
**ઘટાડેલી કિંમત ચાર આના**

[ટપાલ ખર્ચ દોઢ આનો વધુ]

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ.
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા–અમદાવાદ.


For Private And Personal Use Only